કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક


गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906



તમે ત્યાં સુધી લડતા રહો જ્યાં સુધી તમારી નિશ્ચિત કરેલી જગ્યાએ ના પહોંચી જાવ, આ એક વાત તમને બધાથી અલગ બનાવે છે. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૩૨ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ સાતમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## ઉમેશભાઈ પટેલે પોતાનું સાંસદ પદ જાળવવા દમણની સેશન કોર્ટમાં કન્વીક્શન ઉપર રોક લગાવવા માંગેલી દાદ

### ૧૭મી ઓગસ્ટના રોજ થનારી પ્રથમ સુનાવણી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૪**

દમણની ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સિનિયર ડિવિઝનની કોર્ટે શનિવારે સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલને ૧૫ વર્ષ જૂના એક કેસમાં બે વર્ષની કેદની સંભળાવેલી સજા બાદ પ્રદેશમાં શ્રી ઉમેશભાઈ પટેલના સાંસદ પદ મુદ્દે અનેક અટકળો થઈ રહી છે અને સોશિયલ મીડિયામાં કેટલીક ધડ-માથા વગરની વાતો પણ વહેતી થઈ રહી છે ત્યારે ‘વર્તમાન પ્રવાહે’ આ મુદ્દે અધિકૃત કાનૂની જોગવાઈ જાણવાનો પ્રયાસ કર્યો છે.

શ્રી ઉમેશભાઈ પટેલે ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટના ફેંસલા(કન્વીક્શન) ઉપર રોક લગાવવા માટે દમણની સેશન કોર્ટમાં દાદ માંગી છે અને ૧૭મી ઓગસ્ટના રોજ આ મુદ્દે પ્રથમ સુનાવણી મુકરર થઈ છે.

## સાંસદ કે ધારાસભ્યને અપરાધિક મામલામાં બે કે તેનાથી વધુ વર્ષની સજા થયા બાદની કાનૂની અને સચિવાલય પ્રક્રિયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૪**

કોઈપણ સાંસદ કે ધારાસભ્યને કોઈ અપરાધિક મામલામાં બે વર્ષ અથવા તેનાથી વધુની સજા થઈ હોય તો તેની કાનૂની અને સચિવાલય પ્રક્રિયા નીચે મુજબ છે.

**તાત્કાલિક અયોગ્યતા (Immediate Disqualification):** સુપ્રિમ કોર્ટના ૨૦૧૩ના ઐતિહાસિક ચુકાદા(લિલ્લી થોમસ વિરૂદ્ધ ભારત સરકાર) અંતર્ગત જનપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૮(૩) મુજબ બે વર્ષ અથવા તેનાથી વધુની સજા પામનારા સાંસદની સદસ્યતા સજાની તારીખથી જ આપમેળે સમાપ્ત થઈ જતી હોય છે. આ પહેલાં અપીલ માટે ત્રણ મહિનાનો સમય મળતો હતો જેને કોર્ટે રદ્દ કરી દીધેલ છે.

**સચિવાલય દ્વારા નોટિફિકેશનઃ** અદાલતના ચુકાદાની પ્રમાણિક કોપી મળ્યા બાદ સંબંધિત સદન (લોકસભા અથવા રાજ્યસભા)નું સચિવાલય તાત્કાલિક એક અધિકારિક ગેઝેટ નોટિફિકેશન જારી કરતા હોય છે, જેમાં એક ઘોષિત કરવામાં આવે છે કે, તે સાંસદ હવે સદનનો સદસ્ય નથી રહ્યો અને તેમની સીટ ખાલી થઈ ગઈ છે.

**ઈલેક્શન કમિશનને સૂચનાઃ** સચિવાલય ખાલી થયેલ સીટની જાણકારી સત્તાવાર રીતે ભારતના ઈલેક્શન કમિશનને મોકલે છે. જેથી તેઓ તે મતવિસ્તારમાં પેટાચૂંટણી કરાવવાની પ્રક્રિયા શરૂ કરી શકે.

**સુવિધાઓ અને અધિકાર સમાપ્તઃ** સભ્યપદ રદ્દ થયા બાદ સંબંધિત વ્યક્તિને સાંસદના રૂપમાં મળનારું વેતન, ભથ્થાં, સરકારી આવાસ અને અન્ય સંસદીય વિશેષાધિકાર તાત્કાલિક પ્રભાવથી બંધ થઈ જાય છે. સાથે જ આ સજાની અવધિ પુરી થયા બાદ આગળના છ વર્ષ સુધી ચૂંટણી લડવા માટે અયોગ્ય થઈ જાય છે. જો ઉચ્ચ ન્યાયાલય(હાઈકોર્ટ) અથવા ઉપરી અદાલત(સુપ્રિમ કોર્ટ) દ્વારા દોષિત ઠેરવવામાં આવેલ ચુકાદા(કન્વીક્શન) ઉપર રોક લગાવવામાં આવે ત્યારે સચિવાલયને તે વ્યક્તિનું સાંસદ પદ બહાલ કરવું પડે છે.

## ભારતમાં જુદા જુદા રાજ્યો અને સંસદમાં બે વર્ષ કે તેનાથી વધુ સજા થતાં ગેરલાયક જાહેર થયેલા કેટલાક પ્રતિનિધિઓની યાદી

### સજા થયા બાદ જન પ્રતિનિધિઓને પુનઃ સ્થાપિત કરવા નવનેજા પાણી પડતા હોવાનું યાદીઓ જોતાં નિકળતું તારણ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૪**

દેશમાં જ્યારથી ગુનાહિત ઈતિહાસ ધરાવતા જન પ્રતિનિધિઓ ધારાસભા કે સંસદમાં પ્રવેશ નહિ કરી શકે તે માટે બે વર્ષ કે તેનાથી વધુ સજા માટે દોષિત ઠરેલાઓને ગેરલાયક જાહેર કરવા માટે સંસદ અને સુપ્રિમ કોર્ટે બનાવેલા નીતિ-નિયમો અંતર્ગત અત્યાર સુધી ગેરલાયક ઠરેલા કેટલાક જન પ્રતિનિધિઓની યાદી આપવાનો પ્રયાસ કર્યો છે.

રાજસ્થાનના બારન જિલ્લાની અંતા વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય કંવર લાલ મીણાને ૨૩મી મે, ૨૦૨૫ના રોજ સરકારી અધિકારીઓને ધાકધમકી અને તેમની જાહેર ફરજ નિભાવવા ઉત્પન્ન કરેલી બાધા તથા સંપત્તિના નુકસાનના સંદર્ભમાં દોષિત ઠેરવી ૩ વર્ષની સજાનો આદેશ કર્યો હતો. તેઓ એમ.એલ.એ.ના પદેથી ગેરલાયક ઠર્યા છે.

ઉત્તરપ્રદેશની શીસામાઉ બેઠકના સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય ઈરફાન સોલંકીને જગ્યા હડપ કરવાના મુદ્દે આગજની, હૂમલો અને એક વિધવા મહિલાને જાનથી મારી નાખવાની આપેલી ધમકીના સંદર્ભમાં ૭મી જૂન, ૨૦૨૪ના રોજ ૭ વર્ષની થયેલી સજા બાદ તેઓ પણ એમ.એલ.એ.ના પદેથી ગેરલાયક ઠર્યા છે.

ઉત્તરપ્રદેશની જોનપુર લોકસભા બેઠકના બહુજન સમાજ પાર્ટીના સાંસદ ધનંજય સિંગને એક પ્રોજેક્ટ મેનેજરના માથા ઉપર બંદૂક તાકવાના ગુના હેઠળ ૭ વર્ષની સજા ૭મી માર્ચ, ૨૦૨૪ના રોજ સંભળાવી હતી અને તેઓ ગેરલાયક ઠર્યા હતા અને ફરી ચૂંટણી લડવા પણ પ્રતિબંધિત થયા હતા.

કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના બિહારની અગિઆંવ બેઠકના ધારાસભ્ય મનોજ મંજીલને એક હત્યાના કેસમાં ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ જનમ ટીપની સજા થતાં તેઓ ગેરલાયક ઠર્યા હતા.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહારાષ્ટ્રની સાવનેર બેઠકના એમ.એલ.એ. સુનિલ છત્રપાલ કેદાર નાગપુર ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકમાં ભંડોળનો ગેરકાયદે ઉપયોગ કરવાના સંદર્ભમાં ૨૨મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ પાંચ વર્ષની સજા થતાં તેઓ ગેરલાયક ઠર્યા હતા.

ઉત્તરપ્રદેશની ગાઝીપુર લોકસભાના બહુજન સમાજ પાર્ટીના સાંસદ અફઝલ અન્સારીને ગાઝીપુરની એમ.પી.એમ.એલ. કોર્ટે ગેંગસ્ટર એક્ટ કેસમાં ૪ વર્ષની સજા સંભળાવતા ૧લી મે, ૨૦૨૩થી ગેરલાયક ઠર્યા હતા.

કેરલમ્‌ની વાયનાડ લોકસભા બેઠકના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને બદનક્ષીના કેસમાં બે વર્ષની સજા સંભળાવતા તેમને ૨૩મી માર્ચ, ૨૦૨૩ના રોજથી ગેરલાયક ઠર્યા હતા પરંતુ નામદાર સુપ્રિમ કોર્ટે તેમના કન્વીક્શન ઉપર સ્ટે આપતાં તેમનું સાંસદ પદ બહાલ કરવામાં આવ્યું હતું.

ઉત્તરપ્રદેશની સુઆર બેઠકના સમાજવાદી પાર્ટીના એમ.એલ.એ. અબ્દુલાહ આઝમ ખાનને મુરાદાબાદ કોર્ટે આઈપીસીની ૩૫૩ કલમ અંતર્ગત બે વર્ષની સજા ફરમાવતા તેઓ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ગેરલાયક ઠર્યા હતા.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની ઝારખંડના રામગઢની એમ.એલ.એ. મમતા દેવીને પાંચ વર્ષની સજા થઈ હતી અને ૧૩મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ તેઓ ગેરલાયક ઠર્યા હતા પરંતુ હાઈકોર્ટે તેમના કન્વીક્શન અને ગેરલાયકના ઉપર સ્ટે આપ્યો હતો.

બિહારની કુરહાની બેઠકના રાષ્ટ્રીય જનતા દળના એમ.એલ.એ. અનિલ કુમાર શાહનીને ૨૯ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ એલાઉન્સમાં ફ્રોડ કરવા બદલ બે વર્ષની સજા થઈ હતી તેમનું વિધાસભા સભ્યપદ ગેરલાયક ઠર્યું હતું.

હજુ અલગ અલગ રાજ્યના સાંસદો કે વિધાનસભ્યો બે વર્ષ કે તેનાથી વધુ થયેલી સજાના કારણે પોતાના પદથી ગેરલાયક ઠરેલ છે.

## સેલવાસની એક ચાલીમાં બાથરૂમમાંથી બેગમાંથી મહિલાનો સડેલો હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૪**

સેલવાસના ટોકરખાડા નજીક આવેલ દાન હોટલ પાછળ આવેલ ચાલીના ભાડાના મકાનમાં બાથરૂમની અંદર બેગમાં મહિલાનો સડી ગયેલ મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી હતી. મૃતદેહ એટલી ખરાબ હાલતમાં હતો કે સ્થળ પર તેની ઓળખ શક્ય બની નહોતી. ઘટનાની જાણ થતા સેલવાસ પોલીસ અને ફોરેન્શીકની ટીમ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર મકાનમાં રહેતા ભાડુઆતે બે મહિના પહેલા મકાનમાલિકને જણાવ્યું હતું કે, તે પોતાના વતન જઈ રહ્યો છે અને થોડા દિવસમાં પરત આવશે, એ વ્યક્તિ મોડી રાત્રે મકાન છોડીને નીકળી ગયો હતો અને ત્યારબાદ તે પરત ફર્યો નહતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર છેલ્લા બે મહિનાથી મકાનનું ભાડુ પણ ચૂકવવામાં આવ્યુ ના હતુ. મકાનમાલિક દ્વારા વારંવાર સંપર્ક કરવાનો પ્રયાસ છતાં ભાડુઆત પરત ના ફરતા અને મકાન સતત બંધ રહેતા મકાનમાલિકને શંકા ગઈ ત્યારબાદ તેણે તાળુ ખોલાવી મકાનની અંદર પ્રવેશ કર્યો હતો. તપાસ દરમ્યાન બાથરૂમમાં રાખેલી એક બેગમાંથી મહિલાનો સડી ગયેલો મૃતદેહ મળી આવતા તરત જ પોલીસને જાણ કરવામા આવી હતી.

મૃતદેહની હાલત જોતા સ્થળ પર તેની ઓળખ થઈ શકી નહતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામા આવ્યો હતો. મૃતદેહની હાલત જોતા પ્રાથમિક રીતે માનવામા આવી રહ્યુ છે કે મહિલાનું મોત ઘણા અઠવાડિયા પહેલા થયું હોઈ શકે છે. જોકે તેની સત્તાવાર પુષ્ટિ પોલીસ તપાસ બાદ જ થઈ શકશે. સેલવાસ પોલીસ દ્વારા ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વર્તમાન પ્રવાહ
વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ
સુરેશ ઉમતીયાઃ
98259 89444

### લોકસભામાં નિયમ ૩૭૭ના માધ્યમથી

## દમણ અને દીવ જિલ્લા પંચાયતોમાં મહિલા અધ્યક્ષો માટે પાંચ વર્ષનો કાર્યકાળ નિશ્ચિત કરવા સાંસદ ઉમેશભાઈ પટેલની સરકાર પાસે માંગ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવી દિલ્હી, તા.૦૪**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે નિયમ ૩૭૭ના માધ્યમથી દમણ અને દીવ જિલ્લા પંચાયતમાં મહિલા અધ્યક્ષોના કાર્યકાળનો મુદ્દો ઉઠાવી સરકારને પ્રશ્ન પૂછ્યો હતો કે, પંચાયતી રાજ સંસ્થાઓનો સંવૈધાનિક કાર્યકાળ પાંચ વર્ષનો છે ત્યારે દમણ અને દીવમાં મહિલા જિલ્લા પંચાયત અધ્યક્ષોનો કાર્યકાળ લગભગ અઢી વર્ષ સુધી સીમિત કેમ રાખવામાં આવ્યો છે.?

શ્રી ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ટૂંકા કાર્યકાળમાં મહિલા પ્રતિનિધિઓને પોતાનું નેતૃત્વ, પ્રશાસનિક ક્ષમતા અને વિકાસકાર્યોને અસરકારક રૂપથી લાગૂ કરવાનો પર્યાપ્ત અવસર નથી મળી શકતો. જેનાથી મહિલા સશક્તિકરણની ભાવના પ્રભાવિત થાય છે. તેમણે સરકારને આગ્રહ કર્યો હતો કે, આ વ્યવસ્થાની સમીક્ષા કરી દમણ અને દીવની જિલ્લા પંચાયતોમાં પણ દેશના અન્ય રાજ્યોની માફક પુરા પાંચ વર્ષનો કાર્યકાળ સુનિશ્ચિત કરવામાં આવે. સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સંસદમાં તેમની પ્રાથમિકતા હંમેશા પ્રદેશના નાગરિકોની વાસ્તવિક સમસ્યાઓને રાષ્ટ્રીય સ્તર ઉપર પ્રભાવશાળી ઢંગથી ઉઠાવી અને તેના કાયમી સમાધાન માટે સરકારનું ધ્યાન આકર્ષિત કરવાનું છે.





### કોર્ટ દ્વારા બે વર્ષની સજા થઈ છે છતાં

## સાંસદ ઉમેશભાઈ પટેલે લોકસભાની પ્રક્રિયામાં લીધેલો ભાગ અને સંસદ ટીવીમાં રહેલી ઉપસ્થિતિએ દમણ-દીવમાં વહેતા કરેલા અનેક તર્ક-વિતર્કો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**દમણ, તા.૦૪:** દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે લોકસભામાં પૂછેલા પ્રશ્નો અને સંસદ ટીવીમાં આજની કાર્યવાહી સંદર્ભમાં સાંસદ તરીકે આપેલી મુલાકાત સામે અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગત શનિવારે દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલને ૧૫ વર્ષ જૂના એક કેસમાં નામદાર અદાલતે બે વર્ષની સજા સંભળાવ્યા બાદ કાનૂની રીતે તેઓ સાંસદ પદથી ગેરલાયક ઠર્યા છે, છતાં લોકસભાની પ્રક્રિયામાં લીધેલો ભાગ અને સંસદ ટીવીમાં ખુબ જ આત્મવિશ્વાસની સાથે રહેલી ઉપસ્થિતિથી તેમના વિરોધીઓના ભવાં પણ ઊંચકાયા છે.

### સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન(એસ.આઈ.આર.)-૨૦૨૬ અંતર્ગત

## ચૂંટણી કમિશન દ્વારા નિયુક્ત મતદાર યાદી નિરીક્ષક ગોપાલ ઓંકાર મરાઠેની અધ્યક્ષતામાં સેલવાસ જિલ્લા સચિવાલય ખાતે માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની સાથે બેઠક યોજાઈ



**તમામ લાયક મતદારોને ડ્રાફ્ટ મતદાર યાદીમાં પોતાના વિગતની ચકાસણી કરીને જો જરૂરી હોય તો, નિર્ધારિત સમય મર્યાદામાં સંબંધિત ફોર્મ સબમિટ કરવા કરાયેલી અપીલ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૪**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન (એસ.આઈ.આર.)-૨૦૨૬ અંતર્ગત ચૂંટણી કમિશન દ્વારા નિયુક્ત મતદાર યાદી નિરીક્ષક અને સંઘપ્રદેશના એનિમલ હસબન્ડરી અને વેટરીનરી સાયન્સિસના સેક્રેટરી શ્રી ગોપાલ ઓંકાર મરાઠેની અધ્યક્ષતામાં આજે સેલવાસ જિલ્લા સચિવાલય ખાતે દાદરા નગર હવેલીના માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની સાથે બેઠક યોજવામાં આવી હતી.

બેઠકમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન(એસ.આઈ.આર.)-૨૦૨૬ની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી અને ડ્રાફ્ટ મતદાર યાદીનું પ્રકાશન થઈ ગયું હોવાની તથા ‘‘નો મેપિંગ(No Mapping)’’ અને ‘‘મેપિંગમાં તાર્કિક વિસંગતતા(Logical Discrepancies in Mapping)’’ વર્ગના મતદારોના કેસોની સુનાવણી નિર્ધારિત કાર્યક્રમ મુજબ કરવામાં આવી રહી છે.

શ્રી મરાઠેએ એ પણ જણાવ્યું હતું કે, જે લાયક નાગરિક નિર્ધારિત સમયમર્યાદામાં ગણતરી ફોર્મ(Enumeration form) જમા નહિ કરી શક્યા હોય તેઓ પોતાનું નામ મતદાર યાદીમાં ઉમેરવા માટે ફોર્મ-૬(Form-6)તથા મતદાર યાદી અથવા મતદાર ઓળખપત્ર (EPIC)માં સંશોધન હેતુ ફોર્મ-૮(Form-8)નામ માધ્યમથી અરજી કરી શકે છે.

દાવાઓ અને વાંધાઓ રજૂ કરવાની છેલ્લી તારીખ ૦૯/૦૮/૨૦૨૬ છે. દાવાઓ અને વાંધાઓનો નિકાલ તા.૦૭/૦૯/૨૦૨૬ સુધીમાં કરવામાં આવશે.

બેઠક દરમિયાન માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ પોતાના સૂચનો અને વિચારો જણાવ્યા હતા. મતદાર યાદી નિરીક્ષક શ્રી ગોપાલ ઓંકાર મરાઠેએ તમામ લાયક મતદારોને ડ્રાફ્ટ મતદાર યાદીમાં પોતાના વિગતની ચકાસણી કરીને જો જરૂરી હોય તો, નિર્ધારિત સમય મર્યાદામાં સંબંધિત ફોર્મ સબમિટ કરવા અપીલ કરી હતી.

## બ્રહ્મકુમારી સંસ્થા અને યુટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાનહમાં પૂર પીડિતોને રાહત સામગ્રી વિતરણ કરાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સેલવાસ, તા.૦૪:** બ્રહ્માકુમારી સંસ્થા અને યુટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૦ કરોડ નશામુક્તિ શપથ મહાઅભિયાન અને પૂર પીડિતોને રાહત સેવા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા અને બ્રહ્માકુમારી સંસ્થાના સંચાલિકા બીકે સુલેખા દીદીએ ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, નશો ફક્ત વ્યક્તિને જ નહિ, પરંતુ આખા પરિવાર અને સમાજને કમજોર કરે છે. આધ્યાત્મિકતા જ એક એવી શક્તિ છે જે વ્યક્તિને દરેક પ્રકારના વ્યસનથી મુક્ત કરી એક શ્રેષ્ઠ નાગરિક બનવાની પ્રેરણા આપે છે. ત્યારબાદ દરેક ઉપસ્થિત નાગરિકોએ ‘વિકસિત ભારત’ માટે ‘નશામુક્ત યુવા અને નશા ભારત’ના નિર્માણ માટે સામુહિક શપથ ગ્રહણ કર્યા હતા. નશામુક્ત અભિયાન ઉપરાંત બ્રહ્માકુમારી સંસ્થા અને યુટી ચેરીટેબલ ટ્રસ્ટની ટીમે ૨૨ અને ૨૩મી જુલાઈના રોજ ખાબકેલા ધોધમાર વરસાદના કારણે સર્જાયેલી આફતના કારણે દપાડા ગામમાં પૂરથી પ્રભાવિત ૧૦૦થી વધુ પરિવારાને મળી રાહત સામગ્રી વિતરણ કરવામાં આવી હતી. આ અવસરે યુટી ચેરીટેબલ ટ્રસ્ટના સંસ્થાપક શ્રી પ્રદીપ મિશ્રા, અધ્યક્ષ શ્રી ધિરાજકુમાર સિંહ, શ્રી સુનિલ મહાજન, બીકે સુલેખા દીદી, વર્ષા દીદી, જીજ્ઞા દીદી, મહેશ મહાજન સહિત કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.






## સુવિચાર - સદ્‌વિચાર

આસું પાડશો તો દયા મળશે પરંતુ
પરસેવો પાડશો તો પરિણામ મળશે

## કવિતા

### પિંડ બ્રહ્માંડે આપોઆપ

દોલત જપે અજંપા-જાપ, પિંડ બ્રહ્માંડે આપોઆપ,
ઈંગલા પિંગલા એક જ થાય, મન પવન સ્થિર જ થાય.

આ કે બૈઠા ત્રિપુટી માંહી, સરસ્વતી બહતી હૈ ત્યાંય,
ચલી સુરત ગગન કી માંય, સબ દેવન કા દરશન થાય.

છૂટ ગયા હૈ દેહ કા ભાગ, લગા હૈ અલખ મેં ધ્યાન,
નૂર અલખ કા અપરંપાર, તૂહી શબ્દ કા હુઆ ભણકાર,

જહાં હી સમજા જબ, જગ કા બંધન તૂટે સબ,
વહાં હુઆ નામ અનામ, કર જોડી કહે 'દોલતરામ'

**- દોલતરામ મહારાજ**

## આજની જોક

પત્ની : તમને મારી કઈ વાત સૌથી વધારે ગમે છે? મારી સુંદરતા કે મારી સમજણ?
પતિ (વિચારીને): તમારી આ મજાક કરવાની કળા મને સૌથી વધુ ગમે છે!

## કબીર વાણી




**નહાયે ધોયે કયા હુઆ, જો મન મેલ ન જાયે**
**મીન સદા જલ મે રહે, ધોયે બાસ ન જાયે.**

**-અર્થાત-**

જો કોઈ મનુષ્યનુ મન જ સાફ નથી તો નહાવા ધોવાથી તેની ખરાબ આદતો જતી નથી. નહાવા ધોવાનો કોઈ અર્થ નથી. માછલી હંમેશા પાણીમાં જ રહે છે પરંતુ તેની દુર્ગંધ જતી નથી.

## આજનો દિન વિશેષ

### નીલકંઠ દાસ



પંડિત નીલકંઠ દાસ (૫ ઓગસ્ટ ૧૮૮૪ - ૬ નવેમ્બર ૧૯૬૭) ઓડિશાના સૌથી પ્રતિષ્ઠિત પુત્રોમાંના એક હતા, જેઓ તેના ઈતિહાસના સૌથી મહત્વપૂર્ણ સમયગાળામાં તેના રાજકીય અને સાહિત્યિક ક્ષેત્રે દેખાયા હતા, જ્યારે ભારતના નકશામાં ઓડિશાની કોઈ રાજકીય ઓળખ નહોતી, અને એક ભાષા તરીકે ઓડિશા લુપ્ત થવાની તૈયારીમાં હતી. તેમણે ઓડિશાને રાજકીય અને ભાષાકીય રીતે ઓળખ આપવા માટે અવિરતપણે કામ કર્યું, અને ઉત્કલ ગૌરવ મધુસુદન દાસ, ઉત્કલમણિ ગોપબંધુ દાસ અને અન્ય તમામ ઓડિશા પ્રેમી લોકોના સપનાને સાકાર કરવામાં મદદ કરી.

મોહનદાસ ગાંધી, મોતીલાલ નેહરુ અને ડૉ.રાજેન્દ્ર પ્રસાદ, વગેરેના સાથી તરીકે. નીલકંઠે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેઓ એક બહુપત્ની હતા જે એક પ્રખ્યાત શિક્ષક, અપવાદરૂપ નેતા, વિદ્વાન વિદ્વાન, પ્રખ્યાત લેખક, મહાન વક્તા અને એક શક્તિશાળી ધારાસભ્ય હતા. પંડિત નીલકંઠે ઉત્કલમણિ ગોપબંધુના મગજની ઉપજ, સત્યવાદી બાણ વિદ્યાલયના મુખ્ય શિક્ષક તરીકે પ્રખ્યાત હતા. તેઓ ૧૯૩૬ માં સ્વતંત્ર ઓડિશા પ્રાંતની રચનામાં મુખ્ય શિલ્પી હતા, જેમણે આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે મધુસુદન દાસના જમણા હાથ તરીકે અથાક મહેનત કરી હતી. દિલ્હી સેન્ટ્રલ એસેમ્બલીમાં તેમના કાયદાકીય પ્રયાસોને કારણે, ઓડિશા ભાષાકીય ધોરણે રચાયેલ ભારતનો પ્રથમ પ્રાંત બન્યો.

ઓડિયા ભાષાના ઉત્ક્રાંતિ પરના તેમના ઊંડાણપૂર્વકના સંશોધનથી અનેક તથ્યો બહાર આવ્યા જેણે ઓડિયાને છઠ્ઠી ભારતીય શાસ્ત્રીય ભાષા તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી. ૨૦૨૪ સુધીમાં સંસ્કૃત સિવાય, ઓડિયા એ ભારત-આર્યન ભાષાઓના જૂથમાંથી એકમાત્ર ભાષા છે જેને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળ્યો છે.

ઘણા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં તેમના અગમ્ય જ્ઞાનને કારણે, નીલકંઠ દાસને ઉત્કલ ગુરુ તરીકે પણ પૂજનીય માનવામાં આવે છે.

## બ્યુટી ટીપ્સ

### જન્મદિવસની પાર્ટી મેકઅપ લુક

**સરળ જન્મદિવસનો મેકઅપ દેખાવ :** તમારી ત્વચાને તૈયાર કર્યા પછી, મેકઅપ સાથે સર્જનાત્મક બનવાનો અને તમારી પસંદ સાથે મેળ ખાતી વિવિધ શૈલીઓ અજમાવવાનો સમય છે. ભલે તમે સિમ્પલ લુક ઈચ્છતા હોવ, ફેન્સી લુક ઈચ્છતા હોવ, અથવા કંઈક ખૂબ જ હિંમતવાન, દરેક ઈવેન્ટ માટે જન્મદિવસની પાર્ટી મેકઅપ લુક હોય છે.

**૧. કુદરતી ચમક :** ન્યૂનતમ મેકઅપ સાથે તાજા ચહેરાવાળા, સરળ દેખાવ પ્રાપ્ત કરો જે તમારી કુદરતી સુંદરતામાં વધારો કરે છે. તેજસ્વી આધાર મેળવવા માટે હળવા ફાઉન્ડેશન અથવા કદાચ ટિન્ટેડ મોઈશ્ચરાઈઝરથી શરૂઆત કરો. પછી, હળવા રંગના સ્પર્શ માટે તમારા ગાલના સફરજન પર થોડો ક્રીમ બ્લશ લગાવો. તે પછી, ચમકદાર ચમક માટે ચહેરાના ઉપરના ભાગો, જેમ કે ગાલના હાડકાં અને નાકના પુલ પર હાઈલાઈટરનો ઉપયોગ કરો.

ભમર પેન્સિલ અથવા જેલનો ઉપયોગ કરીને તમારા ભમરને સુંદર બનાવો; આ તમારી આંખોને આકાર આપશે અને તમારા ચહેરાને વધુ ઊંડાઈ આપશે. પછી, પાંપણોને બહાર કાઢવા માટે થોડો મસ્કરા લગાવો. છેલ્લે, રંગ અને ભેજનો થોડો સ્પર્શ મેળવવા માટે હળવો લિપ બામ લગાવો.

સ્ટાઈલિશ, લાલ-કાર્પેટ જેવા દેખાવ માટે થોડી ચમક અને ભવ્યતા સાથે તમારા જન્મદિવસના મેકઅપને વધુ ખાસ બનાવો. પ્રથમ, તમારી ત્વચાને સરળ અને સંપૂર્ણ બનાવવા માટે મધ્યમ-કવરેજ ફાઉન્ડેશન લગાવો. પછી, તમારી આંખોને વધુ ઊંડાઈ અને પરિમાણ આપવા માટે તટસ્થ અથવા મેટાલિક જેવા રંગોમાં ચમકતી આઈશેડોનો ઉપયોગ કરો.

કાળા અથવા ભૂરા આઈલાઈનરનો ઉપયોગ કરીને તમારી આંખોની આસપાસ એક રેખા મૂકો જેથી તેમને અલગ દેખાય અને વધુ નાટકીય દેખાય. આગળ, તમારા પાંપણોને લાંબા અને ભરેલા બનાવવા માટે તેમના પર વોલ્યુમાઈઝિંગ મસ્કરાના ઘણા સ્તરો લગાવો.

# સેવેન્થ ગુજરાત નવલ એનસીસી યુનિટના કમાન્ડન્ટ દિવ્યાશું જોશીએ દીવ બુચરવાડા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની લીધેલી મુલાકાત





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૪**

સેવેન્થ ગુજરાત નવલ એનસીસી યુનિટના કમાન્ડન્ટ શ્રી દિવ્યાશું જોશીએ દીવ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની મુલાકાત લેતા, શાળા માટે આજનો દિવસ ગૌરવનો દિવસ રહેવા પામ્યો હતો. શાળા પરિસરમાં પધારતાં જ શાળા પરિવાર દ્વારા શ્રી દિવ્યાશું જોશી સાહેબનું પુષ્પગુચ્છ આપીને પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શાળાના વરિષ્ઠ શિક્ષક શ્રી મનીષ સ્માર્ટના સ્વાગત પ્રવચનથી થઈ હતી. તેમણે પોતાના સંબોંધનમાં જણાવ્યું કે 'સમનો વરૂણઃ'ના આદર્શ વાક્ય સાથે શાળાના Naval NCC કેડેટ્સ શિસ્ત અને રાષ્ટ્રસેવાનો સંકલ્પ લઈ રહ્યા છે. શ્રી દિવ્યાશું જોશીનું સરના માર્ગદર્શન અમારા કેડેટ્સ માટે પ્રેરણાનો સ્રોત છે.

આ પ્રસંગે ગત વર્ષે આયોજિત CATC કેમ્પમાં ભાગ લેનાર કેડેટ્સને કમાન્ડન્ટ શ્રી દિવ્યાંશુ જોશી સરના હસ્તે પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવ્યા હતા. જોશી સાહેબના કેડેટ્સના ઉત્તમ પ્રદર્શનની પ્રશંસા કરી અને ભવિષ્યમાં પણ આવી જ સિદ્ધિઓ હાંસલ કરવા પ્રોત્સાહિત કર્યા. ત્યારબાદ શાળાના નવલ એનસીસી કેડેટ્સ દ્વારા દેશભક્તિથી ભરપૂર એનસીસી ગીત 'હમ સબ ભારતીય હૈ' રજૂ કરવામાં આવ્યું, જેણે સમગ્ર વાતાવરણને






રાષ્ટ્રભક્તિથી ભરી દીધુ.

કાર્યક્રમોના મુખ્ય આકર્ષણ તરીકે કમાન્ડન્ટ શ્રી દિવ્યાંશુ જોશી સાહેબએ કેડેટ્સને પ્રેરણાદાયક ઉદ્‌બોધન આપ્યું તેમણે કેડેટ્સને શિસ્ત, કર્તવ્યનિષ્ઠા અને દેશસેવાના મહત્વ વિશે જણાવ્યું. તેમણે કહ્યું- 'લહેરોથી ડરીને નૌકા પાર નથી થતી, પ્રયાસ કરનારાઓની ક્યારેય હાર નથી થતી.' તેમણે એનસીસી કેડેટ્સની મહેનતની પ્રશંસા કરી અને તેમને ભારતીય નૌસેનામાં કારકિર્દી બનાવવા માટે પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમના અંતે એનસીસી પ્રભારી અધિકારી શ્રી હર્ષદ મકવાણા સાહેબએ આભાર પ્રદર્શન કર્યું. તેમણે કમાન્ડન્ટ સાહેબનો અમૂલ્ય સમય આપવા બદલ, શિક્ષકોના સહયોગ અને કેડેટ્સની ભાગીદારી બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવલ એનસીસીના સ્ટાફ પીઆઈ શ્રી સાગર અને મોટી સંખ્યામાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

# પીઅર્સને વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સુરતમાં પીટીઈ પાર્ટનર મીટનું આયોજન કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૪**

વૈશ્વિક સ્તરે શિક્ષણની વ્યાપક તકોનો લાભ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓને વધુ બહેતર સહાય પૂરી પાડવા તથા પરસ્પર સહયોગ વધારવા માટે પીઅર્સન દ્વારા સુરતમાં પીટીઈ પાર્ટનર મીટનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં ગુજરાતના જાણીતા સ્ટડી-એબ્રોડ કન્સલ્ટન્ટ્સ, શિક્ષણ ક્ષેત્રના સહયોગીઓ અને અગ્રણી નિષ્ણાતોએ ભાગ લીધો હતો.

પીઅર્સન દ્વારા વાસ્તવિક જીવનની કોમ્યુનિકેશન સ્કિલ્સને વધુ સારી રીતે રજૂ કરતા સુધારાઓ તેમજ એડવાન્સ્ડ એઆઈઅને માનવ નિષ્ણાતોની મદદથી ટેસ્ટ સિક્યુરિટીમાં કરાઈ રહેલાંઅવિરત રોકાણ સહિતના તાજેતરના સુધારાઓ અંગેની માહિતી રજૂ કરવામાં આવી હતી. પીટીઈ વૈશ્વિક સ્તરે ૪,૦૦૦થી પણ વધુ સંસ્થાઓનો વિશ્વાસ



ધરાવે છે.

આ મીટિંગમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૦૦થી પણ વધારે સ્ટડી-એબ્રોડ કન્સલ્ટન્ટ્સ, એજ્યુકેશન પાર્ટનર્સ અને આ ક્ષેત્રના નિષ્ણાતોએ હાજરી આપી હતી. તેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓની વિદેશ અભ્યાસ માટેની સમગ્ર પ્રક્રિયાને સરળ બનાવવા, પરસ્પરનો સહયોગ વધુ મજબૂત બનાવવા અને વિદેશ જઈ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓને સાચી માહિતી, યોગ્ય માર્ગદર્શન અને પરીક્ષાનો સરળ અનુભવ મળે તે બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

પીઅર્સન સાઉથ એશિયાના ઈંગ્લિશ લેંગ્વેજ લર્નિંગના રિજનલ ડિરેક્ટર શ્રી પ્રફૂલ રવિન્દ્રને જણાવ્યું હતું કે, લોકોની વાત સાંભળવાથી અને સમજવાથી નવા અને રચનાત્મક વિચારાનું સર્જન થાય છે. આ પ્રકારની પાર્ટનર મીટ્સ અમને વિદ્યાર્થીઓ અને કાઉન્સેલર્સની બદલાતી જરૂરિયાતોને સમજવામાં મદદ કરવાની સાથે જ વિચારો અને શ્રેષ્ઠ કાર્યાત્મક પદ્ધતિઓનું આદાન-પ્રદાન કરવા માટેનું માધ્યમ પૂરૂ પાડે છે.

## સુરતમાં પૂર પછી ઝેરી સાપની એન્ટ્રી

# ડીંડોલીના રામી પાર્ક સોસાયટીમાં કોબ્રા ઘરમાં ઘૂસતા દોડધામ

## વરસાદ બાદ ઊભી થયેલી આ નવી સ્થિતિએ ખાડી કિનારાના વિસ્તારોમાં રહેતા લોકો માટે લોકો માટે ચિંતાનો વિષય બની છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૦૪**

સુરતમાં ભારે વરસાદ અને ખાડીપૂરની આફત ઓસર્યા બાદ પણ અસરગ્રસ્ત વિસ્તારોના લોકોની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ લેતી નથી. પહેલા ઘરોમાં વરસાદી અને ખાડીનું પાણી ઘૂસ્યું, ત્યારબાદ ગંદકી અને દુર્ગંધે લોકોનું જીવન અસ્તવ્યસ્ત કર્યું, અને હવે પાણી ભરાવાથી સાપના દર પુરાઈ જતા ઝેરી સાપ તેમજ અન્ય જીવજંતુઓ રહેણાંક વિસ્તારોમાં ઘૂસવા લાગ્યા છે. ડિંડોલી સહિત અનેક વિસ્તારોમાં આવી ઘટનાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. ડિંડોલીની રામીપાર્કસોસાયટીમાં ઝેરી કોબ્રા ઘરમાં ઘૂસતાં પરિવારજનોમાં ભય ફેલાયો હતો. જોકે બચાવ કામગીરી કરતી ટીમે સ્ક્યૂ કરતાં મોટી દુર્ઘટના ટળી હતી. વરસાદ બાદ ઊભી થયેલી આ નવી સ્થિતિએ ખાડી કિનારાના વિસ્તારોમાં રહેતા લોકો માટે લોકો માટે ચિંતાનો વિષય બની છે.





સુરતમાં ભારે વરસાદ અને ખાડા પૂરની આફત ઓસર્યા બાદ પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં નવી સમસ્યાઓ સતત સામે આવી રહી છે. પાણી ભરાવાને કારણે સાપના કુદરતી દરમાં પાણી ભરાઈ જતાં હવે ઝેરી સાપ તેમજ અન્ય જીવજંતુઓ મોટી સંખ્યામાં રહેણાંક વિસ્તારો તરફ વળી રહ્યા છે. ડિંડોલી, લિંબાયત, પર્વત ગામ, ગોડાદરા સહિતના અનેક અસરગ્રસ્ત વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી સાપ ઘરો, સોસાયટીઓ, રસ્તાઓ અને પાર્ક કરેલા વાહનોમાં જોવા મળવાની ઘટનાઓ વધી રહી છે. જેના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે.મંગળવારે ડિંડોલીની રામીપાર્કસોસાયટીમાં એક ઝેરી કોબ્રા રહેણાંક મકાનમાં ઘૂસી ગયો હતો. ઘરમાં કોબ્રા દેખાતા પરિવારજનો ગભરાઈ ગયા હતા અને તાત્કાલિક બચાવ કામગીરી કરતી ટીમનો સંપર્ક કર્યો હતો. માહિતી મળતા જ રેસક્યુ માટે કામ કરતી સંસ્થાએ કોબ્રાનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યું હતું. સમયસર બચાવ કામગીરી થતાં કોઈ જાનહાનિ કે દુર્ઘટના સર્જાઈ નહોતી, જેના કારણે સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.સ્થાનિકોના જણાવ્યા મુજબ પૂરનું પાણી ઉતર્યા પછી દરરોજ કોઈને કોઈ વિસ્તારમાં સાપ, સહિતના અન્ય જીવજંતુઓ જોવા મળી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં વાહનના એન્જિન, બે-વ્હીલર ડિક્કી ભાગ, ઘરનો સ્ટોર રૂમ, રસોડા અને બાથરૂમમાં પણ સાપ જોવા મળ્યા હોવાનું સામે આવ્યું છે. બાળકો અને વૃદ્ધોને લઈને પરિવારોમાં વધુ ચિંતા જોવા મળી રહી છે.ખાડીપૂરની અસરમાંથી હજુ સંપૂર્ણપણે બહાર ન આવેલા વિસ્તારોમાં હવે ઝેરી જીવજંતુઓનો વધતો ખતરો લોકો માટે નવી ચિંતાનું કારણ બન્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે પૂર બાદ સફાઈ અને જંતુનાશક કામગીરી સાથે આવા વિસ્તારોમાં સતત મોનિટરિંગ કરવામાં આવે, જેથી લોકો ભય મુક્ત વાતાવરણમાં રહી શકે.

## મોબાઈલની લતે લીધો માસૂમનો જીવ

# ધોરણ-૭ના ૧૩ વર્ષીય વિદ્યાર્થીએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૦૪**

સુરતના વેડ રોડ વિસ્તારમાં મોબાઈલની લતના કારણે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે.

પાલિકાની શાળા નંબર-૩૩૧માં ધોરણ-૭માં અભ્યાસ કરતા ૧૩ વર્ષીય વિદ્યાર્થીએ હોમવર્ક કરવાની માતા-પિતાની ટકોર બાદ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાએ સમગ્ર શહેરમાં શોકની લાગણી ફેલાવી છે અને બાળકોમાં વધી રહેલી ડિજિટલ લત અંગે ગંભીર ચર્ચા જગાવી છે.





મળતી માહિતી મુજબ, મૂળ ઓડિશાના વતની અને સુરતમાં રહેતા શ્રમજીવી પરિવારનો આ એકમાત્ર પુત્ર લાંબા સમયથી મોબાઈલમાં વ્યસ્ત રહેતો હતો. પરિવારજનોના જણાવ્યા અનુસાર, બાળકને મોબાઈલ અને ઓનલાઈન ગેમ્સની ગંભીર લત લાગી ગઈ હતી. ઘટનાના દિવસે માતા-પિતાએ તેને માત્ર મોબાઈલ ફોન બાજુ પર મૂકીને હોમવર્ક પૂર્ણ કરવાની સલાહ આપી હતી. જોકે, આ વાત બાળકને અસહ્ય લાગી અને તેણે આવેશમાં આવીને આકરું પગલું ભરી લીધું.પરિવારના જણાવ્યા મુજબ, સતત વધતા સ્ક્રીન ટાઈમના કારણે બાળકના સ્વભાવમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. તે નાની-નાની બાબતોમાં ગુસ્સે થઈ જતો, જિદ્દી બની ગયો હતો અને મોબાઈલ વગર રહેવું તેને મુશ્કેલ લાગતું હતું. મનોવૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, અતિશય સ્ક્રીન ટાઈમ બાળકોના માનસિક સ્વાસ્થ્ય, ભાવનાત્મક નિયંત્રણ અને નિર્ણય લેવાની ક્ષમતા પર ગંભીર અસર કરી શકે છે.ઘટનાની જાણ થતાં જ ચોક બજાર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માતે મોતની નોંધ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આ દુઃખદ ઘટના બાદ નિષ્ણાતોએ વાલીઓને બાળકોના મોબાઈલ ઉપયોગ પર નજર રાખવાની, સ્ક્રીન ટાઈમ મર્યાદિત કરવાની અને તેમની સાથે નિયમિત વાતચીત કરીને તેમના વર્તનમાં આવતા ફેરફારોને ગંભીરતાથી લેવાની સલાહ આપી છે. બાળકોમાં માનસિક તણાવ, ચીડિયાપણું અથવા ડિજિટલ નિર્ભરતા જેવા લક્ષણો દેખાય તો સમયસર કાઉન્સેલિંગ અને જરૂરી માર્ગદર્શન લેવું પણ જરૂરી હોવાનું તેઓ કહે છે.આ ઘટના માત્ર એક પરિવાર માટે નહીં પરંતુ સમગ્ર સમાજ માટે ચેતવણીરૂપ છે કે ટેક્નોલોજીના વધતા ઉપયોગ વચ્ચે બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

## જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીએ નોંધાવી ફરિયાદ

# હિંમતનગરમાં ૫ કરોડથી વધુની છેતરપિંડીનો મામલો

## ઉમા એન્ટરપ્રાઈઝ સામે ફરિયાદ બાદ કૌભાંડમાં અન્ય સંડોવણીની પણ તપાસ શરૂ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સાબરકાંઠા,તા.૦૪**

સાબરકાંઠાના હિંમતનગરમાં ૫ કરોડથી વધુની કથિત નાણાકીય છેતરપિંડીનો ગંભીર મામલો સામે આવ્યો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA)ના અધિકારી દ્વારા આ મામલે સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવતા વહીવટી તંત્રમાં ભારે ચકચાર મચી ગઈ છે. ફરિયાદના આધારે પોલીસે સમગ્ર ટેન્ડર પ્રક્રિયા અને સંબંધિત દસ્તાવેજોની તપાસ શરૂ કરી છે.




પ્રાથમિક માહિતી મુજબ, 'ઉમા એન્ટરપ્રાઈઝ' નામની એજન્સી સામે ટેન્ડર પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિ આચરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં જણાવાયું છે કે ટેન્ડર મેળવવા માટે જરૂરી અનામત રકમ અને સંબંધિત દસ્તાવેજોમાં કથિત રીતે બનાવટી માહિતી રજૂ કરવામાં આવી હતી. આરોપ છે કે નિયમોનું પાલન ટાળવા માટે દસ્તાવેજોમાં છેડછાડ કરીને પ્રક્રિયાનો ગેરલાભ લેવામાં આવ્યો હતો.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીએ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી માટે પોલીસનો સંપર્ક કર્યો હતો. ફરિયાદ નોંધાયા બાદ તપાસ એજન્સીએ ટેન્ડર સંબંધિત તમામ દસ્તાવેજો, નાણાકીય વ્યવહારો અને રેકોર્ડની ચકાસણી શરૂ કરી છે. તપાસ દરમિયાન સંબંધિત અધિકારીઓ અને અન્ય વ્યક્તિઓના નિવેદનો પણ લેવામાં આવી રહ્યા છે.

પોલીસ હાલમાં એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે આ કથિત ગેરરીતિમાં માત્ર એક એજન્સી સંકળાયેલી હતી કે પછી અન્ય વ્યક્તિઓ અથવા સંસ્થાઓની પણ કોઈ ભૂમિકા હતી. જો તપાસ દરમિયાન વધુ લોકોની સંડોવણી સામે આવશે તો તેમની સામે પણ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

આર્થિક ગેરરીતિના આ મામલાએ સ્થાનિક વહીવટી તંત્રમાં અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા અને નિયમોના પાલન અંગે પણ ચર્ચા શરૂ થઈ છે. તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર કૌભાંડનું સાચું સ્વરૂપ અને જવાબદારો અંગે સ્પષ્ટતા થઈ શકશે.

પોલીસે જણાવ્યુંછે કે પુરાવાના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે અને જો કોઈપણ વ્યક્તિ અથવા સંસ્થા દોષિત સાબિત થશે તો તેમની સામે કાયદા મુજબ કડક પગલાં લેવામાં આવશે. હાલમાં સમગ્ર કેસની તપાસ ચાલુ છે અને અધિકારીઓ તમામ પાસાઓની ઊંડાણપૂર્વક ચકાસણી કરી રહ્યા છે.

# વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલની અધ્યક્ષતામાં ‘‘મહિલા સ્વાવલંબન દિવસ’’ નિમિત્તે રોજગાર/સ્વરોજગાર મેળો યોજાયો



## ૪૮૭માંથી ૨૫૧ મહિલા ઉમેદવારોની પ્રાથમિક પસંદગી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૪**

જિલ્લા વહીવટી તંત્ર, વલસાડના માર્ગદર્શન હેઠળ તથા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરના સહયોગથી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, વલસાડ અને જિલ્લા રોજગાર કચેરી, વલસાડ દ્વારા નારી વંદન ઉત્સવ અંતર્ગત જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલની અધ્યક્ષતામાં ‘‘મહિલા સ્વાવલંબન દિવસ’’ નિમિત્તે પારડી પ્રજાપતિ હોલ, પારડી ખાતે મહિલા રોજગાર/સ્વરોજગાર ભરતી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભરતી મેળામાં વિવિધ ઉદ્યોગો(કંપનીઓ)ના કુલ ૭ નોકરીદાતાઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. મેળામાં કુલ ૪૮૭ મહિલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી ૨૫૧ મહિલા ઉમેદવારોની પ્રાથમિક પસંદગી સ્થળ પર જ ઈન્ટરવ્યૂ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી હતી.

શ્વેતા દેસાઈ, જિલ્લા મહિલા અને બાળ અધિકારી, વલસાડ દ્વારા મહિલાઓના આર્થિક સશક્તિકરણ, રોજગાર અને સ્વરોજગારની તકો, સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તેમજ મહિલાઓ માટે ઉપલબ્ધ સહાય અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા મહિલાઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો તેમજ મહિલાઓને આત્મનિર્ભર અને આર્થિક રીતે સશક્ત બનવા પ્રેરણા આપવામાં આવી હતી.

પી. એલ. પટેલ, જિલ્લા રોજગાર અધિકારી, વલસાડ દ્વારા મેળામાં ઉપસ્થિત વિવિધ કંપનીઓના HR મેનેજરોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ મહિલા ઉમેદવારોને રોજગાર માટે જરૂરી કૌશલ્ય, આત્મવિશ્વાસ સાથે ઈન્ટરવ્યૂ આપવાની તૈયારી અને ઉપલબ્ધ રોજગારની તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

લીડ બેંક તરફથી સગુણા પટેલ દ્વારા Financial Literacy (નાણાકીય સાક્ષરતા) અંગે માહિતી આપવામાં આવી હતી તેમજ બેંકિંગ સેવાઓ, બચત, લોન અને નાણાકીય આયોજન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ RSETI (Rural Self Employment Training Institute) દ્વારા સ્વરોજગાર માટેની તાલીમ, ઉદ્યોગ સ્થાપન માટેની તકો અને સંસ્થાની કામગીરી અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

વિવિધ કંપનીઓ દ્વારા સ્થળ પર જ મહિલા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા અને રોજગાર માટેની આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગોના અધિકારીઓ, લીડ બેંક મેનેજર તથા તેમના પ્રતિનિધિઓ, પારડી ITI ના સ્ટાફ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના કર્મચારીઓ, DRDA કચેરીના કર્મચારીઓ, સ્કિલ ટ્રેનિંગ સેન્ટરના પ્રતિનિધિઓ, વિવિધ કંપનીઓના HR મેનેજરો તેમજ મોટી સંખ્યામાં મહિલા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રકારના મહિલા રોજગાર/સ્વરોજગાર મેળા દ્વારા મહિલાઓને તેમની ક્ષમતા અને કૌશલ્ય અનુસાર રોજગારીની તકો પ્રાપ્ત થાય તેમજ તેઓ આત્મનિર્ભર અને આર્થિક રીતે સશક્ત બને તે દિશામાં મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગે શ્રીમતી દક્ષાબેન ચૌધરી, અધ્યક્ષ, મહિલા અને બાળ સમિતિ, જિલ્લા પંચાયત, વલસાડ, બી. કે. પટેલ, પીઆઈ, મહિલા પોલીસ સ્ટેશન, વલસાડ, તથા કમલેશભાઈ ગીરાશે, દહેજ પ્રતિબંધક સહ રક્ષક અધિકારી, વલસાડ વિશિષ્ટ ઉપસ્થિતિમાં રહ્યા હતા.

# ‘‘મહિલા નેતૃત્વ દિવસ’’ નિમિત્તે બાલિકા પંચાયતની દીકરીઓ સાથે સંવાદ અને સરકારી વિભાગોની મુલાકાતનું આયોજન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૪**

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ તથા વલસાડ જિલ્લા વહીવટી તંત્રના સંકલનથી ઉજવાઈ રહેલા ‘‘નારી વંદન સપ્તાહ’’ અંતર્ગત તા.૦૫-૦૮-૨૦૨૬ ના રોજ ‘‘મહિલા નેતૃત્વ દિવસ’’ નિમિત્તે તાલુકા વિકાસ અધિકારીની કચેરી, કપરાડા, તાલુકો કપરાડા, જિલ્લા વલસાડ ખાતે બાલિકા પંચાયતની દીકરીઓ સાથે સંવાદ અને વિવિધ સરકારી વિભાગોની મુલાકાત કરાવવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ દરમિયાન બાલિકા પંચાયતની દીકરીઓને બાલિકા પંચાયતની કામગીરી, તેના ઉદ્દેશ્યો, વિવિધ શાખાઓ દ્વારા આપવામાં આવતી સેવાઓ તેમજ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવશે. આ આયોજનનો મુખ્ય હેતુ દીકરીઓમાં નેતૃત્વ ક્ષમતા, આત્મવિશ્વાસ અને સરકારી તંત્ર પ્રત્યે જાગૃતિનો વિકાસ કરવાનો છે. આ કાર્યક્રમમાં તાલુકાના મહિલા સરપંચો વિશિષ્ટ ઉપસ્થિતિમાં હાજર રહેશે અને બાલિકા પંચાયતની દીકરીઓ સાથે સંવાદ દ્વારા મહિલા નેતૃત્વ અંગે માર્ગદર્શન આપશે.

જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી વંદન સપ્તાહ દરમિયાન મહિલાઓ અને દીકરીઓના સશક્તિકરણ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાણીના અધ્યક્ષસ્થાને

# નવસારી જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના આયોજન અર્થે બેઠક યોજાઈ

## સ્વાતંત્ર્યપર્વની જિલ્લાકક્ષાની ઉજવણી વાંસદા તાલુકાના ગાંધી મેદાન ખાતે થશે



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૪**

આગામી નવસારી જિલ્લા કક્ષાની ૧૫મી ઓગસ્ટની ઉજવણીના આયોજન અર્થે જિલ્લા કલેક્ટર શ્રી મનિષ ગુરવાનીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં બેઠક યોજાઈ હતી. દર વર્ષની જેમ આ વર્ષે ૧૫મી ઑગસ્ટ એટલે કે, ૮૦માં સ્વતંત્રતા દિનની જિલ્લા કક્ષાની ઉજવણીનો કાર્યક્રમ વાંસદા તાલુકાના ગાંધી મેદાન ખાતે યોજાશે. રાષ્ટ્રીય પર્વની ગૌરવપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે વિવિધ સમિતિની રચના કરવામાં આવી છે.

બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી મનિષ ગુરવાનીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન એ આપણી દેશભક્તિ અને આન-બાન-શાનનું પ્રતીક છે. આ ઉજવણી ઉત્સાહસભર, સુચારૂ અને સુનિશ્ચિત આયોજન સાથે થાય તે અત્યંત જરૂરી છે. કલેક્ટરશ્રીએ ધ્વજવંદન મંડપ, પરેડ ગ્રાઉન્ડની તૈયારીઓ, બેઠક વ્યવસ્થા, પ્રોટોકોલ, સાઉન્ડ સિસ્ટમ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સુશોભન, પાર્કિંગ, સલામતી અને ટ્રાફિક વ્યવસ્થા અંગે ઝીણવટભરી સમીક્ષા કરી હતી. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સૌ સહભાગી બનીએ તેમજ વધુમાં વધુ બાળકો અને જિલ્લાના નાગરિકો આ પર્વની ઉજવણીમાં જોડાઇ તે પ્રકારનું આયોજન કરવા સંબધિત અધિકારીઓને જણાવ્યું હતું. કલેક્ટરશ્રીએ જિલ્લાના તમામ નાગરિકોને રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવાની અપીલ કરી હતી.

કલેકટરશ્રી મનિષ ગુરવાનીએ કહ્યું કે,ખાસ કરીને ફલડ દરમિયાન જે તે વિભાગના અધિકારી-કર્મચારીઓએ ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય તેઓને સન્માનિત કરવા માટેના નામો મોકલી આપવા તમામ વિભાગનો અધિકારીઓને સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાહુલભાઈ પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી જે.એન.લિખિયા તથા જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચીખલી ખાતે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૫ ઓગસ્ટે યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૪**

લોકાભિમુખ વહીવટના ભાગરૂપે તથા લોકોની ફરિયાદોનો સ્થાનિક કક્ષાએ ત્વરિત અને અસરકારક નિકાલ થઈ શકે તે હેતુસર દર માસના ચોથા મંગળવારે તાલુકા કક્ષાએ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જે અંતર્ગત ઑગસ્ટ-૨૦૨૬ માસનો તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ મામલતદાર કચેરી, ચીખલી ખાતે તા.૨૫/૦૮/૨૦૨૬ના ચોથા મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે.

જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ પોતાની ફરિયાદ અરજીઓ સાથે સંબંધિત પૂરાવાઓ તથા સંપર્ક માટેનો મોબાઈલ નંબર દર્શાવી અરજીના મથાળે ‘ફરિયાદ નિવારણ ઑગસ્ટ ૨૦૨૬’ લખી, ફરિયાદનો વિષય તેમજ સંબંધિત કયા ખાતાના અધિકારી દ્વારા ફરિયાદનો નિકાલ થવાનો છે તેની વિગતો સ્પષ્ટ રીતે દર્શાવી ‘મામલતદારશ્રી, ચીખલી’ના સરનામે ૧૦/૦૮/૨૦૨૬ સુધીમાં ટપાલ દ્વારા અથવા રૂબરૂ રજૂ કરે.

અરજીઓના આધારે રજૂ થયેલી ફરિયાદો અંગે સંબંધિત વિભાગો દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ મામલતદારશ્રી, ચીખલી દ્વારા જણાવવામાં આવ્યું છે.

સુરત શ્રી સહસફણા પાર્શ્વનાથ પબ્લિક ટ્રસ્ટના સહયોગથી

# વાંસદા તાલુકાના પૂરગ્રસ્તોને અન્નદાન અને રાહત કીટનું વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૦૪**

તાજેતરમાં દક્ષિણ ગુજરાતમાં પડેલા ભારે વરસાદને કારણે વાંસદા સહિત ભિલાડ, નવસારી, સોનગઢ અને આસપાસના વિસ્તારોમાં પૂર જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. પાણીના પ્રચંડ પ્રવાહમાં અનેક પરિવારાની ઘરવખરી, કપડાં, અનાજ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓ તણાઈ ગઈ હતી તેમજ પશુધનને પણ ભારે નુકસાન પહોચ્યું હતું.

આ માનવતાભરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સુરત શ્રી સહસફણા પાર્શ્વનાથ પબ્લિક ટ્રસ્ટ-શ્રી મહાવીર અન્નક્ષેત્ર દ્વારા વાંસદા તાલુકાના પૂરગ્રસ્ત પરિવારો માટે ભોજનની વ્યવસ્થા, અનાજ કીટ તથા કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં જાયન્ટ ગ્રુપ ઓફ ચોપાટી, મુંબઈ તેમજ સુરતના અનેક શ્રેષ્ઠીજનોનો પણ મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

રાહત વિતરણ કાર્યક્રમ દરમિયાન વાંસદા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કૌશિકભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી અજયભાઈ ગામીત, નવસારી જિલ્લા યુવા મોરચાના ઉપપ્રમુખ શ્રી કમલભાઈ સોલંકી, યુવા મોરચાના પ્રમુખ શ્રી કિરણભાઈ પટેલ, ભાજપના સક્રિય કાર્યકર શ્રી દિલીપભાઈ તેમજ ટ્રસ્ટના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલા આ સેવાકીય કાર્યને સ્થાનિક લોકોએ હૃદયપૂર્વક આવકારી ટ્રસ્ટ તથા સહયોગી દાતાશ્રીઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

# વલસાડ જિલ્લાના પૂરગ્રસ્તોની વ્હારે આદિવાસી ગીતકાર દિપક ચોબડીયા: સ્વખર્ચે ૨૧૦૦ રાશનકિટ્સનું વિતરણ કર્યું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૪**

વલસાડ જિલ્લામાં તાજેતરમાં આવેલા પૂરની પરિસ્થિતિ બાદ અસરગ્રસ્તોને મદદરૂપ બનવા વહીવટીતંત્ર સાથે અનેક સેવાભાવી સંસ્થાઓ જોડાઈ હતી. આ સેવા યજ્ઞમાં અનેક લોકોએ જોડાયને સેવા કાર્ય કર્યું છે. ઉમરગામ તાલુકાના નગવાસ પટેલ ફળિયાના દિપકભાઈ ચોબડીયાએ ઉમરગામ તાલુકાના અનેક ગામોમાં ૨૧૦૦ જેટલી રાશન કિટસ બનાવી જરૂરતમંદો સુધી પહોચાડી હતી.

ઉમરગામ તાલુકાના પૂર અસરગ્રસ્ત એવા અંકલાછ, નગવાસ, ઝરોલી, ધનોલી, નંદીગામ, ભિલાડ, બોરલાઈ, કરમબેલે, નાહુલી, એકલેરા, પૂનાટ, જમ્બુરી અને મોહનગામ વિસ્તારોમાં ૨૧૦૦થી વધુ અનાજ કરિયાણાની કિટ્સનું સ્વખર્ચે બનાવી પાંચ દિવસ સુધી વિતરણ કર્યું હતું. પૂરમાં જેમની ઘરવખરી નાશ પામી એવા અસરગ્રસ્તો માટે સંકટના સારથી બની લોકોને અનાજ કરીયાણુ પૂરું પાડી લોકસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

દિપકભાઈ જણાવે છે કે, લગભગ દર વર્ષે પૂરમાં અંકલાછમાં ઘરો ડૂબે છે, ત્યારે દર વર્ષે સેવા પુરી પાડે છે. આ સિવાય ગરીબ દિકરીના લગ્ન પ્રસંગ હોય તો પીઠીથી લઈ લગ્ન સુધીના જમવાનું અનાજ કરિયાણુ ફ્રીમાં પુરૂ પાડે છે.

દિપકભાઈ ચોબડીયાના સેવા યજ્ઞમાં ૯૦થી વધુ લોકોએ સાથ સહકાર આપ્યો હતો જેમાં ૧૫-૨૦ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. સાથે દરેક ગામના સરપંચશ્રીઓ અને સભ્યશ્રીઓના સાથ સહકારથી જરૂરીયાતમંદ લોકો સુધી સેવા પહોંચાડી હતી.

# વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિના વિકાસ માટે વલસાડની કોમર્સ કોલેજમાં મહેંદી સ્પર્ધા યોજાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૪**

વલસાડ નૂતન કેળવણી મંડળ સંચાલિત શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં સપ્તધારા અને સાંસ્કૃતિક સમિતિ અંતર્ગત વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિનો વિકાસ થાય તેમજ મહેંદીના રંગોને અલંકારિક રીતે રજૂ કરી શકાય તે માટે એક મેહંદી સ્પર્ધાનું આયોજન કોલેજના લાયબ્રેરી ખાતે કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં કુલ ૧૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં, ટ્રેડીશનલ મેહંદીમાં કુ.વિશાખા પાટીલ અને કુ.પ્રગતિ રાણા દ્વિતીય ક્રમે કુ.ટીશા નાયકા અને કુ.હની ચાંપાનેરી તૃતીય ક્રમે કુ.નંદની સોલકર અને કુ.પ્રતીક્ષા હળપતિ, તેમજ અરેબિક મેહંદીમાં પ્રથમ ક્રમે આશિયા કયાત, દ્વિતીય ક્રમે પ્રિયા વિશ્વકર્મા વિજેતા થયા હતા. આ સ્પર્ધામાં ડૉ. સપના રાવલ, પ્રો.હેમાંગીની શાહ, પ્રો.દિવ્યા ઢીમ્મરએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. નિર્ણાયકો દ્વારા સ્પર્ધકોની પ્રસ્તુતિઓનું નિષ્પક્ષતા અને પ્રસંશાપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવ્યું તેમજ પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા સપ્તધારા અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. દક્ષાબેન જી.ઠાકોર, સહ અધ્યક્ષા ડૉ.મિનાક્ષી જરીવાલા, સભ્ય પ્રા. કિંજલ પટેલ અને સભ્ય પ્રા.પ્રિયા ગાંધી દ્વારા તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ સ્પર્ધાનું સંચાલન પ્રો.પ્રિયા ગાંધીએ કર્યુ હતું. સ્પર્ધાના સફળ આયોજન માટે કોલેજના ઈન્ચાર્જે આચાર્ય પ્રા.વિજયકુમાર આર.ચાંપાનેરીએ શુભેચ્છા પાઠવી હતી.

# વલસાડ જિલ્લામાં પૂર/અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત નાના, લઘુ અને મધ્યમ વેપારીઓ-એકમો માટે આર્થિક અને પુનર્વસન સહાય યોજના જાહેર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૪**

વલસાડ જિલ્લામાં જુલાઈ-૨૦૨૬ દરમિયાન ભારે વરસાદ, પૂર અને અતિવૃષ્ટિના કારણે અસરગ્રસ્ત થયેલા નાના, લઘુ અને મધ્યમ વર્ગના વેપાર, વાણિજ્ય તથા સેવાકીય એકમોને આર્થિક તેમજ પુનર્વસન સહાય આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. આ યોજનાના ઝડપી અને પારદર્શક અમલીકરણ માટે જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્તરે સહાય સમિતિઓની રચના કરવામાં આવી છે.

આ સમિતિઓમાં વાપી મહાનગરપાલિકા વિસ્તાર માટે સંબંધિત ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિ‘રશ્રીની અધ્યક્ષતામાં, નગરપાલિકા વિસ્તાર માટે સંબંધિત નગરપાલિકાના ચીફ ઓફિસરની અધ્યક્ષતામાં, ગ્રામ્ય વિસ્તાર માટે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં સહાય સમિતિઓ રચવામાં આવી છે. જ્યારે સહાય સંબંધિત તકરાર અથવા અપીલોના નિકાલ માટે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં અપીલ સમિતિ કાર્યરત રહેશે.

રાજ્ય સરકારના સહાય પેકેજ હેઠળ (૧) લારી/રેકડી ધારકોને રૂ.૭,૫૦૦ સુધી, (૨) નાની કેબિન (૪૦ ચોરસ ફુટ સુધીની) ધારકોને રૂ.૨૫,૦૦૦ સુધી, (૩) મોટી કેબિન(૪૦ ચોરસ ફુટ થી વધુ) ધારકોને રૂ.૫૦,૦૦૦ સુધી તથા (૪) પાકી દુકાન (છેલ્લા ત્રિમાસીકનું GST રિટર્ન ભરેલ હોય તેવા) દુકાન ધારક વેપારીઓને રૂ.૧,૦૦,૦૦૦ સુધીની રોકડ સહાય આપવામાં આવશે.

આ ઉપરાંત, GST રિટર્ન ભરતા પાકી દુકાનના વેપારીઓને તેમના છેલ્લા ભરેલા ત્રિમાસિક GST Return ટર્નઓવર મુજબ (૫) રૂ.૨૦ લાખ (છેલ્લાં ત્રિમાસિક GST Return મુજબ ટર્નઓવર ૭.૫ લાખ સુધી હોય) (૬) ૨૫ લાખ (છેલ્લાં ત્રિમાસિક GST Return મુજબ ટર્નઓવર ૭.૫ લાખ થી ૧૫ લાખ સુધી હોય) (૭) રૂ.૩૦ લાખ (છેલ્લાં ત્રિમાસિક GST Return મુજબ ટર્નઓવર ૧૫ લાખ થી વધુ હોય) સુધીની લોન પર ૩ વર્ષ સુધી ૭ ટકા વ્યાજ સહાય આપવામાં આવશે. જેમાં વધુમાં વધુ અનુક્રમે રૂ.૫ લાખ, રૂ.૮ લાખ અને રૂ.૧૦ લાખ સુધી વ્યાજ સહાયનો લાભ મળશે. (ઉક્ત વ્યાજ સહાય લીધેલી લોન ઉપર જ મળશે, સી.સી કે ઓ.ડી ઉપર મળવાપાત્ર થશે નહિ) માત્ર ઉકત વ્યાજ સહાય અરજી અંગેની કાર્યવાહી બેંક પાસેથી લોન મેળવી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વલસાડને કરવાની રહેશે.

## કયા પુરાવા અને અરજી કરવાની છેલ્લી તારીખ કઈ તે જાણો

સરકારના ઠરાવમાં નિર્ધારિત પાત્રતા મુજબ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા પ્રત્યક્ષ સર્વે, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી અને અન્ય જરૂરી પુરાવાઓના આધારે સહાય મંજૂર કરવામાં આવશે. અરજી કરવાની નિયત સમય મર્યાદા જોઈએ તો, અનુક્રમ ૧ થી ૪ માટે અંતિમ તારીખ ૩૦/૦૯/૨૦૨૬ છે અને અનુક્રમ ૫ થી ૭ માટે અંતિમ તારીખ ૧૪/૦૧/૨૦૨૭ છે. જેની સૌ અસરગ્રસ્ત વેપારી-દુકાનદારોએ ખાસ નોંધ લેવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર દ્વારા જણાવાયુ છે.

## પુર અસરગ્રસ્ત વેપારી અને દુકાનદારોએ કોને અરજી કરવી?

અસરગ્રસ્ત વેપારીઓએ જરૂરી પુરાવાઓ સાથેની અરજી કોની કરવાની તે અંગે જોઈએ તો, લારી/રેકડી ધારક, નાની કેબિન, મોટી કેબિન અને પાકી દુકાન ધરાવતા વાપી મહાનગરપાલિકા વિસ્તારના અસરગ્રસ્તોએ વાપી મ્યુનિસિપલ કમિશનરને, વલસાડ જિલ્લાની વલસાડ, પારડી, ધરમપુર અને ઉમરગામ નગરપાલિકા વિસ્તારના અસરગ્રસ્તોએ પોતાના વિસ્તારની લગતી સંબંધિત નગરપાલિકાના ચીફ ઓફિસરને તેમજ વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના અસરગ્રસ્તોએ સંબંધિત વલસાડ, પારડી, ધરમપુર, કપરાડા, નાનાપોંઢા અને ઉમરગામ તાલુકાના મામલતદાર કચેરી ખાતે રજૂ કરવાની રહેશે. આ સિવાય પાકી દુકાન ધરાવતા અનુક્રમે ૫ થી ૭ના પાકી દુકાન ધરાવતા વેપારીઓએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજરને અરજી કરવાની રહેશે.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# પર્યાવરણનો વિનાશ કરીને વિકાસ સાધવાની વૃત્તિ ભારે નુકસાનકારક

**આજે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ મંચો પરથી પર્યાવરણની ચિંતા વ્યક્ત થતી રહે છે, પણ વિકાસની યોજનાઓને મંજૂરી આપવાના સમયે આ ચિંતાને વિસરી જવાની વિચારધારા હાવી બની જતી હોય છે**

વિકાસની અભિલાષા અને પર્યાવરણનાં જતનના મુદ્દા મોટાભાગે એકમેકની સાથે સંકળાયેલા રહ્યા છે. વક્રતા એ છે કે, જ્યારે જ્યારે વિકાસની ચર્ચા છેડાય છે, ત્યારે ત્યારે પર્યાવરણના નુકસાનની ચિંતા સામે આવે છે. આધુનિક સમયમાં દુનિયાની મોટાભાગની સરકારો વિકાસનનાં કામોને સમયની અનિવાર્યતા ગણાવીને પર્યાવરણના નુકસાનને રોકવાના મામલે ભાગ્યે જ ખચકાટ અનુભવી રહી છે. દુનિયાના સંખ્યાબંધ દેશોમાં હવે એવું ચલણ વધી રહ્યું છે જેમાં કોઈપણ વિકાસ યોજનાની મંજૂરીથી અમલીકરણ દરમ્યાન પર્યાવરણનાં જતનની ચિંતાને વિસરી જવાય છે. તે પછી જો આ વિકાસ યોજનાથી પર્યાવરણને વ્યાપક નુકસાનની હકીકતો સામે આવે ત્યારે જવાબદારો દ્વારા માફી માંગી લઈને આખા પ્રકરણમાં ભીનું સંકેલી લેવાય છે. કમનસીબે ભારતમાં પણ હવે આ ચલણ પ્રચલિત બની ચૂક્યું છે. જો કે, હવે આવાં વલણની સામે સર્વોચ્ચ અદાલતે લાલબત્તી ધરી છે. ગત બુધવારે એક મહત્ત્વના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે, પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા બાદ માફી માગી લેવાની વ્યવસ્થા ખોટી છે. ભવિષ્યમાં હવે કોઈપણ કંપની આગોતરી મંજૂરી વગર કામ શરૂ કરી શકશે નહીં. વિકાસ યોજના કે કોઈપણ પ્રોજેક્ટના સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતનો આ ચુકાદો ઐતિહાસિક ગણી શકાય તેવો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૨૧માં એક સરકારી આદેશ તળે કેન્દ્ર સરકારને એવો અધિકાર અપાયો હતો કે, કોઈપણ યોજના કે પ્રોજેક્ટનું કામ શરૂ કરાયા અથવા પૂરું થયા બાદ તેને પર્યાવરણીય મંજૂરી આપી શકાશે. પ્રથમ નજરે આ વ્યવસ્થા પર્યાવરણની ચિંતાઓને નકારવાના ઈરાદા સાથેની હોવાનું જણાય છે. આ વ્યવસ્થામાં કોઈપણ પ્રોજેક્ટથી સ્થાનિક પરિસ્થિતિને કાયમી કે લાંબાગાળાની નુકસાની થઈ શકે તેના પર ધ્યાન આપવાની અને તેના ઉકેલનાં પગલાં પર ધ્યાન આપવાની કોઈ જોગવાઈ જણાતી નથી. ૨૦૨૧ના આ આદેશને હવે સર્વોચ્ચ અદાલતે રદ્દ્ કરી નાખ્યો છે. જો કે, અદાલતે તેનો આ નિર્ણય ભવિષ્યના પ્રોજેક્ટના અમલ માટે લાગુ પડશે એવી પણ સ્પષ્ટતા કરી છે. અગાઉ મંજૂર થયેલી યોજનાઓ માટે આ ચુકાદો લાગુ પડશે નહીં. હવે સવાલ એ છે કે, છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન વિકાસ પ્રોજેક્ટના અમલમાં પર્યાવરણની અવળી અસરની આગોતરી ચિંતા કરવાનું સરકારે શા માટે ટાળ્યું છે. આજે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ મંચો પરથી પર્યાવરણની ચિંતા વ્યક્ત થતી રહે છે, પણ વિકાસની યોજનાઓને મંજૂરી આપવાના સમયે આ ચિંતાને વિસરી જવાની વિચારધારા હાવી બની જતી હોય છે. વિકાસની હરણફાળ ભરી રહેલાં ભારતમાં લોકોનાં જીવનને વધુ સરળ બનાવવાથી માંડીને આર્થિક ઉન્નતિની અનિવાર્યતા પર લાંબા સમયથી ચર્ચા થતી રહે છે, પણ પર્યાવરણના વિનાશથી વિકાસ સાધવાની વૃત્તિ ભારે નુકસાનકારક હોવાનું યુરોપ સહિતના પશ્ચિમી દેશોના અનુભવે સાબિત થઈ રહ્યું છે. અત્રે યાદ રહે કે, આ વૃત્તિ માત્ર યુરોપ કે પશ્ચિમી દેશોમાં જ નથી અનુભવાતી પરંતુ ભારતમાં પણ તેની મોટી અસર જોવા મળી છે. ઠંડા દેશોમાં ભારે ગરમી અને જંગલના દવની કટોકટી હવે વિકાસની સાથે પર્યાવરણનાં જતનના પાઠ શીખવી રહી છે, ત્યારે ભારતે હવે સર્વોચ્ચ અદાલતના આદેશનો આભાર માનવો રહ્યો.

### PM મોદીના નિવેદન મામલે રાહુલ ગાંધીના પ્રહાર

# વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં, અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી માફ કરી રહ્યા છે : રાહુલ ગાંધી

**રાહુલ ગાંધીએ કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, 'વડાપ્રધાન કહે છે કે હું તેમને માફ કરું છું. મને નથી ખબર કે તેઓ તેમને માફ કરવાવાળા કોણ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪** : દિલ્હીમાં 'વાઈકો ઈન પાર્લામેન્ટ' પુસ્તક વિમોચન પ્રસંગે રાહુલ ગાંધીએ PM મોદી અને RSS પર આકરા પ્રહારો કર્યા. તેમણે PMના 'માફ કરવા'ના નિવેદન પર સવાલ ઉઠાવતા કહ્યું કે, PMને ભારતના ભવિષ્યને માફ કરવાનો અધિકાર કોણે આપ્યો? વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં છે અને શિક્ષણ વ્યવસ્થા યોગ્ય નથી, ત્યારે આવા નિવેદનો અયોગ્ય છે. રાહુલ ગાંધીએ સંઘની વિચારસરણીને પણ ખતરનાક ગણાવી.



દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે 'વાઈકો ઈન પાર્લામેન્ટ' નામના પુસ્તક વિમોચન કાર્યક્રમમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને RSS પર તીખા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ વડાપ્રધાનના તાજેતરના નિવેદન સામે સવાલો ઉઠાવતા દેશમાં શિક્ષણ અને વિદ્યાર્થીઓની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

રાહુલ ગાંધીએ કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, 'વડાપ્રધાન કહે છે કે હું તેમને માફ કરું છું. મને નથી ખબર કે તેઓ તેમને માફ કરવાવાળા કોણ છે. દેશ અત્યારે એક વિચિત્ર સમયમાંથી પસાર થઈ રહ્યો છે.

વિદ્યાર્થીઓ રસ્તા પર છે અને ખૂબ જ તકલીફમાં છે. તેઓ પરીક્ષાઓમાં નિષ્પક્ષતા અને એક એવી શિક્ષણ વ્યવસ્થાની માંગ કરી રહ્યા છે જે યોગ્ય રીતે કામ કરે, પરંતુ બીજી તરફ આપણા વડાપ્રધાન તેમને માફ કરી રહ્યા છે.'

પીએમ મોદીના નિવેદન સામે સવાલ ઉઠાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'તેમને આ વિચાર ક્યાંથી આવ્યો કે તેમને ભારતના ભવિષ્યને માફ કરવાનો હક છે, મને નથી ખબર, પરંતુ તેઓ એ જ કરવા માંગે છે.' આ સાથે જ તેમણે સંઘ પર નિશાનો સાધતા કહ્યું કે, વડાપ્રધાનની સોચ, તેમના સાથીઓ અને ખાસ કરીને RSSની વિચારસરણી પાછળ એક ખૂબ જ ખતરનાક વિચાર રહેલો છે.

રાહુલ ગાંધીએ ૮૨ વર્ષના નેતા વાઈકોના વખાણ કરતા તેમની સાથેની જૂની દોસ્તી યાદ કરી હતી. તેમણે કહ્યું કે, તેઓ કોઈ પણ રાજકારણીને તેની વિચારધારાની સાતત્યતાથી પરખે છે અને વાઈકો પોતાની વિચારસરણી પર હંમેશા અડગ રહ્યા છે. વાઈકોની ઉંમર અંગે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, યુવાન વ્યક્તિ એ છે જે સવાલો પૂછે છે.



વાઈકો ૮૨ વર્ષના છે છતાં કેટલાક લોકોથી વિપરીત આજે પણ સવાલો પૂછી રહ્યા છે.

આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર વિડિયો જાહેર કરીને Gen-Zને સંબોધિત કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું હતું કે, 'ફ્રેન્ડ્સ, આજે તો મન કરે છે બસ તમારી સાથે જ વાતો કરું.'

જંતર-મંતર પર જે કંઈ પણ થયું તે દેશ અને દુનિયાએ જોયું છે. કેટલાક મસ્તીખોર બાળકોએ ખરાબ ગાળો આપી, જે કોઈ પણ સભ્ય સમાજને શોભતી નથી. મને ગાળો આપવામાં આવી, મારી સ્વર્ગસ્થ માતાને પણ ગાળો આપવામાં આવી. 'પીએમ મોદીએ વધુમાં કહ્યું હતું કે, તેઓ આ બાળકોને માફ કરવા માંગે છે, જેના જવાબમાં રાહુલ ગાંધીએ આ નિવેદન આપ્યું છે.

# મધ્ય પૂર્વના તણાવ અને યુરોપની વધતી માંગ વચ્ચે ભારતની ઈંધણ નિકાસ એક વર્ષની ટોચે



**વર્ષ ૨૦૧૭થી કેપ્લર દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે અને ત્યારથી જુલાઈ ૨૦૨૬નો આ આંકડો સૌથી ઊંચો નોંધાયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂરાજકીય તણાવ, યુરોપમાં વધતી ઈંધણની માંગ અને વૈશ્વિક પુરવઠામાં સર્જાયેલી અનિશ્ચિતતા વચ્ચે ભારતના રિફાઈન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે. જુલાઈ ૨૦૨૬ દરમિયાન ભારતે ડીઝલ અને અન્ય રિફાઈન્ડ ઈંધણની નિકાસ છેલ્લા એક વર્ષના સર્વોચ્ચ સ્તરે પહોંચાડી છે, જે ભારતીય રિફાઈનિંગ ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે.

શિપિંગ અને એનાલિટિક્સ ફર્મ કેપ્લરના આંકડા અનુસાર, જુલાઈ મહિનામાં ભારતે સરેરાશ દરરોજ ૧.૫૩ મિલિયન બેરલ રિફાઈન્ડ ઈંધણની નિકાસ કરી હતી. આ છેલ્લા ૧૨ મહિનાની સરેરાશની સરખામણીએ લગભગ ૨૭ ટકા વધુ છે. વર્ષ ૨૦૧૭થી કેપ્લર દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે અને ત્યારથી જુલાઈ ૨૦૨૬નો આ આંકડો સૌથી ઊંચો નોંધાયો છે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ, રશિયા દ્વારા ડીઝલની નિકાસ પર મૂકાયેલા પ્રતિબંધ બાદ વૈશ્વિક બજારમાં ડીઝલના ભાવ અને રિફાઈનિંગ માર્જિનમાં નોંધપાત્ર વધારો થયો છે. તેનો સીધો લાભ ભારતીય રિફાઈનરીઓને મળ્યો છે. ભારતે વધતી વૈશ્વિક માંગને પહોંચી વળવા માટે યુરોપ, બ્રાઝિલ અને અન્ય દેશોમાં મોટા પ્રમાણમાં રિફાઈન્ડ ઈંધણની નિકાસ કરી છે. અહેવાલો મુજબ, યુરોપમાં આશરે ૪થી ૫ મિલિયન બેરલ અને બ્રાઝિલમાં લગભગ ૨.૮ મિલિયન બેરલ ઈંધણ મોકલવામાં આવ્યું હતું.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અને રશિયા-યુક્રેન યુદ્ધના કારણે વૈશ્વિક ઈંધણ પુરવઠાની પરંપરાગત સાંકળોમાં વિક્ષેપ સર્જાયો છે. રશિયન રિફાઈનરીઓ પર થયેલા હુમલાઓ બાદ મોસ્કોએ કેટલાક પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ મર્યાદિત કરી છે, જેના કારણે વૈશ્વિક ખરીદદારો માટે ભારત એક મહત્વપૂર્ણ વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે.

કેપ્લરના મુખ્ય રિફાઈનિંગ વિશ્લેષક નિખિલ દુબેના જણાવ્યા અનુસાર, વૈશ્વિક બજારમાં ઊંચા નફાકારક માર્જિન અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ક્રૂડ ઓઈલના કારણે ભારતીય રિફાઈનરીઓએ નિકાસમાં વધારો કરવાની તકનો સફળતાપૂર્વક લાભ લીધો છે. ભારતીય કંપનીઓએ તેવા બજારોમાં પણ સપ્લાય વધાર્યો છે, જ્યાં અગાઉ પશ્ચિમ એશિયા અને રશિયાનો દબદબો હતો.

વિશ્લેષકોનું માનવું છે કે જો મધ્ય પૂર્વમાં તણાવ યથાવત રહેશે અને યુરોપમાં માંગ મજબૂત રહેશે તો આગામી મહિનાઓમાં પણ ભારતીય રિફાઈનિંગ કંપનીઓને નિકાસમાંથી સારો લાભ મળી શકે છે. જોકે, આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવ, ભૂરાજકીય સ્થિતિ અને વૈશ્વિક વેપાર નીતિઓમાં થતા ફેરફારો પર આગામી સમયગાળાની સ્થિતિ નિર્ભર રહેશે.

ભારત માટે આ વૃદ્ધિ માત્ર નિકાસમાં વધારો જ નહીં પરંતુ વૈશ્વિક ઊર્જા બજારમાં તેની વધતી ભૂમિકા અને રિફાઈનિંગ ક્ષમતાનું પણ પ્રતિબિંબ માનવામાં આવી રહી છે.

# દેશભરમાં તમામ રોડની બાજુમાં ફૂટપાથ દબાણ મૂક્ત કરો : સુપ્રીમ કોર્ટ

**લોકો ફૂટપાથ પર ભયથી મૂક્ત રહીને ચાલી શકે તેવી વ્યવસ્થા કરો, સુપ્રીમે કેન્દ્રને યોગ્ય પગલાં માટે બે સપ્તાહનો સમય આપ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**





સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે દેશમાં તમામ મહત્વના રોડ દબાણ મૂક્ત હોવા જોઈએ, નાગરિકોને ચાલવા માટે રોડની બાજુમાં જે જગ્યા ફાળવવામાં આવી છે ત્યાં પણ કોઇ પણ પ્રકારનું દબાણ ના થાય તેની તકેદારી રાખવામાં આવે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જ્યાં પણ રોડ હોય ચાલવા માટે અલગથી જગ્યા ફાળવવી પણ જરૂરી છે. પગપાળા ચાલનારાઓ ભયમૂક્ત બનીને ચાલી શકે તેવી વ્યવસ્થા જરૂરી છે.

સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે નાગરિકો મૂક્ત રીતે ચાલી શકે તે માટે રોડ આસપાસ જગ્યા ફાળવવામાં આવે અને આ જગ્યા પર કોઇ પણ પ્રકારનું દબાણ ના થાય તેની તકેદારી રાખવામાં આવે. કેન્દ્ર સરકારને આદેશ આપતા સુપ્રીમે કહ્યું હતું કે જવાબદાર અધિકારીઓને જણાવવામાં આવે કે તેઓ પગપાળા ચાલવા માટેની જગ્યાને દબાણ મૂક્ત રાખે. સાથે જ આવી જગ્યાને મુખ્ય રોડથી અલગ રાખવામાં આવે.

સુપ્રીમની બેંચે એડિશનલ સોલિસિટર જનરલને કહ્યું હતું કે કોઇ મોટા રોકાણ કે કન્સ્ટ્રક્શન વગર આ આદેશનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે. જ્યાં પણ રોડ હોય ત્યાં લોકોના ચાલવા માટેની જગ્યા પણ હોવી જોઇએ, આ જગ્યાને રોડથી અલગ રાખવા માટે પણ પગલા લેવામાં આવે સાથે જ કોઇ પણ પ્રકારનું દબાણ ના થાય તેની પણ તકેદારી રાખવામાં આવે. પગપાળા ચાલનારાઓને એ ભરોસો હોવો જોઇએ કે તેઓ સુરક્ષીત છે. આ મામલે હવે બે સપ્તાહ બાદ વધુ સુનાવણી કરવામાં આવશે.

# ક્લાર્ક પરીક્ષાનું મુખ્ય પરિણામ ત્રણ મહિનાથી અદ્ધરતાલઃ ગુજરાત યુનિવર્સિટીના વહીવટી તંત્ર સામે ઉમેદવારોમાં ભારે રોષ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૦૪**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા જુનિયર અને સિનિયર ક્લાર્ક પદની મુખ્ય પરીક્ષાનું પરિણામ લેવાયાને ત્રણ મહિના વીતી ગયા હોવા છતાં જાહેર ન થતાં ઉમેદવારોમાં ભારે રોષ અને આશ્ચર્ય જોવા મળી રહ્યું છે. પ્રાથમિક પરીક્ષાનું પરિણામ માત્ર ૨૩ દિવસમાં જાહેર કરનાર યુનિવર્સિટી તંત્ર મુખ્ય પરીક્ષાના પરિણામ મામલે કેમ આટલી ઢીલાશ દાખવી રહ્યું છે, તે મોટો પ્રશ્ન બન્યો છે.

ગુજરાત યુનિવર્સિટીમાં જુનિયર અને સિનિયર ક્લાર્ક સહિતના વિવિધ સંવર્ગોની જગ્યાઓ ભરવા માટે ગત ૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ MCQ આધારિત OMR પદ્ધતિથી પ્રાથમિક કસોટી યોજાઈ હતી. આ પરીક્ષામાં લાખો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નોંધનીય છે કે, આટલી મોટી સંખ્યામાં ઉમેદવારો હોવા છતાં યુનિવર્સિટીએ ઝડપી કામગીરી કરી માત્ર ૨૩ દિવસમાં એટલે કે ૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ પ્રાથમિક પરીક્ષાનું પરિણામ જાહેર કરી દીધું હતું. ત્યારબાદ, ટૂંકા ગાળામાં જ ૩૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ મુખ્ય પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે હકારાત્મક પગલું હતું. પ્રાથમિક પરીક્ષામાં નાપાસ થયેલા ઉમેદવારોને બાદ કરતા મુખ્ય પરીક્ષામાં ઉમેદવારોની સંખ્યા ખૂબ જ ઓછી હતી. વળી, મુખ્ય પરીક્ષાની પદ્ધતિ પણ સંપૂર્ણપણે MCQ આધારિત OMR જ હતી. આમ છતાં, પરીક્ષા પૂર્ણ થયાને ત્રણ મહિના કરતાં પણ વધુ લાંબો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી પરિણામ જાહેર કરાયું નથી.

આ સમગ્ર ઘટનાક્રમ તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કરે છે. **જ્યારે લાખો ઉમેદવારો અને સમાન OMR પદ્ધતિ હોવા છતાં માત્ર ૨૩ દિવસમાં પરિણામ આવી શકતું હોય, તો તેના કરતાં ખૂબ જ ઓછા ઉમેદવારોવાળી મુખ્ય પરીક્ષાનું પરિણામ ત્રણ મહિના પછી પણ કેમ નથી આવ્યું? આ અસાધારણ વિલંબ ગુજરાત યુનિવર્સિટીની ભરતીપ્રક્રિયાની પારદર્શિતા અને કાર્યક્ષમતા પર ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કરે છે.**

# આજના જોબ માર્કેટમાં ઊંચા પેકેજ માટે માત્ર ડિગ્રી-કોલેજ જરૂરી નહીં :લાવણ્ય જૈને બી ટેક પુરૂ કર્યા વિના ભણવાનું છોડી દીધું હોવા છતાં સારી કમાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

સફળ કારકિર્દી ઘડવા માટે આઈઆઈટીની ડિગ્રી મેળવવી એ ભારતીય એન્જિનિયરોનું વર્ષોથી સ્વપ્ન રહ્યું છે પણ હવે સ્થિતિ બદલાઈ રહી છે. લાવણ્ય જૈને એક્સ પર એક પોસ્ટ મુકી જણાવ્યું છે કે પોતે બી ટેકમાંથી ડ્રોપ આઉટ કર્યું હોવા છતાં તેને કોલેજના પ્લેસમેન્ટમાં ઓફર કરવામાં આવેલાં સૌથી મોટાં પેકેજ કરતાં પણ વધારે કમાણી પાર્ટ ટાઈમ કામમાં થઈ રહી છે. લાવણ્ય જૈન હાલ દર મહિને ૪.૮૬ લાખ રૂપિયાની કમાણી કરે છે. આજની જોબ માર્કેટમાં કોલેજની બ્રાન્ડ કરતાં કૌશલ્ય અને અનુભવ વધારે મૂલ્યવાન પુરવાર થઈ રહ્યા છે. લાવણ્ય જૈને તેની એક્સ પોસ્ટ પર લખ્યું છે કે હું આઈ.આઈ.ટી.માં ભણેલો નથી.

હકીકતમાં તો ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન્સ એન્જિનિયરિંગના ફાઈનલ સેમેસ્ટરમાં જ મેં કોલેજ છોડી દીધી હતી અને તે મારા જીવનના ઉત્તમ નિર્ણયોમાંનો એક હતો. જૈનના જણાવ્યા અનુસાર તેની કોલેજમાં સૌથી મોટું પે પેકેજ વર્ષના એક લાખ ડોલર્સ હતું પણ હવે હું કોન્ટ્રેક્ટર તરીકે પાર્ટ ટાઈમ કામ કરી હું વધારે કમાણી કરી લઉં છું. પોતાના દાવાના ટેકોમાં જૈને વાઈઝ પેમેન્ટ દ્વારા કરવામાં આવેલાં બે મોટાં ટ્રાન્ઝેકશનના સ્ક્રિનશોટ પણ શેર કર્યા છે. જેમાં ૩.૭૪ લાખ અને ૧.૧૨ લાખ રૂપિયા એમ કુલ ૪.૮૬ લાખ રૂપિયાની ડિપોઝીટ થઈ હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

**બાવીસ વર્ષના એ.આઈ. ફાઉન્ડર ડિગ્રી ન હોવા છતાં મહિને પાંચ લાખ રૂપિયાની કમાણી કરે છે**

લાવણ્યએ જણાવ્યું હતું કે આ પોસ્ટ મારી બડાઈ હાંકવા માટે નથી પણ હું લોકોને યાદ કરાવવા માંગું છે કે આઈ.આઈ.ટી. એ માત્ર લેબલ છે. જો કે, તેણે ઉમેર્યું હતું કે પોતે આઈ.આઈ.ટી.ના શિક્ષણના મૂલ્યને સ્વીકારે છે અને તેના એલ્યુમની નેટવર્ક એ તેનો મોટો લાભ છે. પછી તેણે પોસ્ટમાં જે છેલ્લી લાઈનો લખી છે તેને કારણે વિવાદ ઉભો થયો છે. તેણે લખ્યું છે કે જ્યારે તમારા હાથ નીચે થોડાં આઈ.આઈ.ટીયન્સ કામ કરતાં હોય ત્યારે એ ડિગ્રીનો શું ઉપયોગ રહે.?

લાવણ્યની આ પોસ્ટ દર્શાવે છે કે ટેકનોલોજી સેક્ટરમાં રિમોટ વર્ક, ફ્રી લાન્સિંગ, ગ્લોબલ કોન્ટ્રેક્ટિંગ અને ક્રિયેટર આધારિત કારકિર્દીની બોલબાલા વધી રહી છે જેને કારણે પરંપરાગત કેમ્પસ પ્લેસમેન્ટ કરતાં અન્ય તકો વધી રહી છે. ટોચની શિક્ષણસંસ્થાઓને કારણે કારકિર્દીમાં લાભ થાય પણ



લાવણ્ય જૈન જેવાં લોકો દશોવે છે કે ઘણાં પ્રોફેશનલ્સ માટે કોલેજ લેબલ કરતાં વ્યવહારૂ કૌશલ્ય અને સતત શીખતાં રહેવાની લગની વધારે મહત્વની બની રહી છે.

### ઈ૨૦ પેટ્રોલ મુદ્દે દિલ્હીમાં રાજકીય ઘમાસાણ

# પ્રધાનમંત્રી નિવાસ તરફ કૂચ દરમિયાન અરવિંદ કેજરીવાલ ધરણા પર બેઠા

**AAPનો ઈ૨૦ પેટ્રોલના અમલીકરણનો વિરોધ, ૨.૩૦ લાખ હસ્તાક્ષરો સાથે PMને મળવાની માંગ; પોલીસે ફિરોઝશાહ રોડ પર રોકતા રસ્તા પર જ શરૂ થયું ધરણું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

ઈથેનોલ મિશ્રિત ઈ૨૦ પેટ્રોલના અમલીકરણને લઈને દેશની રાજધાની દિલ્હીમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો. આમ આદમી પાર્ટી દ્વારા ઈ૨૦ પેટ્રોલના વિરોધમાં પ્રધાનમંત્રીના નિવાસસ્થાન તરફ કૂચ કરવામાં આવી હતી. જોકે, દિલ્હી પોલીસે ફિરોઝશાહ રોડ પર કાફલાને રોકી દેતા પૂર્વ મુખ્યમંત્રી અને AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પોતાના સાથી નેતાઓ અને કાર્યકરો સાથે રસ્તા પર જ ધરણા પર બેસી ગયા.

કેજરીવાલ સાથે પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા, રાજ્યસભા સાંસદ સંજય સિંહ તેમજ મોટી સંખ્યામાં પક્ષના કાર્યકરો હાજર રહ્યા હતા. પોલીસે સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાના કારણોસર કાફલાને આગળ વધવાની મંજૂરી આપી નહોતી. ત્યારબાદ વિરોધ પ્રદર્શન ધરણામાં ફેરવાયું હતું.

આમ આદમી પાર્ટીનો આરોપ છે કે સમગ્ર દેશમાં ઈ૨૦ પેટ્રોલને પ્રોત્સાહન આપવાનો નિર્ણય લાખો વાહનચાલકો અને સામાન્ય નાગરિકો પર વધારાનો આર્થિક બોજ ઊભો કરશે. પક્ષનું કહેવું છે કે ખાસ કરીને જૂના વાહનો પર ઈ૨૦ ઈંધણની અસર અંગે લોકોમાં ગંભીર ચિંતા છે અને સરકારે આ મુદ્દે પૂરતી ચર્ચા કર્યા વિના નિર્ણય લીધો છે.

ધરણા દરમિયાન અરવિંદ કેજરીવાલે દાવો કર્યો હતો કે તેઓ ૨.૩૦ લાખથી વધુ લોકોના હસ્તાક્ષરવાળી અરજી લઈને પ્રધાનમંત્રીને મળવા આવ્યા હતા. તેમના જણાવ્યા અનુસાર આ હસ્તાક્ષરો એવા નાગરિકોના છે, જેઓ ઈ૨૦ પેટ્રોલને ફરજિયાત બનાવવાના નિર્ણયનો વિરોધ કરે છે. તેમણે કહ્યું કે સરકાર લોકહિતમાં આ નિર્ણય પર ફરી વિચાર કરે અને વાહન માલિકોની ચિંતાઓ સાંભળે.

કેજરીવાલે વધુમાં આરોપ લગાવ્યો કે સરકાર સામાન્ય લોકોની ચિંતાઓને અવગણી રહી છે. તેમણે દાવો કર્યો કે ઈ૨૦ પેટ્રોલના અમલીકરણથી વાહનોના જાળવણી ખર્ચમાં વધારો થઈ શકે છે અને તેનો સૌથી વધુ પ્રભાવ મધ્યમ વર્ગ અને નાના વાહનચાલકો પર પડશે. જોકે, કેન્દ્ર સરકારનું કહેવું છે કે ઈ૨૦ ઈંધણથી ક્રૂડ ઓઈલની આયાતમાં ઘટાડો થશે, કાર્બન ઉત્સર્જન ઓછું થશે અને ઈથેનોલ આધારિત અર્થતંત્રને પ્રોત્સાહન મળશે.

બીજી તરફ, કેટલાક ટ્રાન્સપોર્ટ સંગઠનોએ પણ ઈ૨૦ પેટ્રોલના વિરોધમાં સંસદ તરફ કૂચ કરવાની જાહેરાત કરી છે. જેના કારણે આ મુદ્દે રાજકીય ચર્ચા વધુ તેજ બની છે.

પ્રદર્શનને ધ્યાનમાં રાખીને ફિરોઝશાહ રોડ સહિત આસપાસના વિસ્તારોમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વધારાના પોલીસ દળોને તૈનાત કરવામાં આવ્યા હતા. હાલ સમગ્ર ઘટનાક્રમ પર સુરક્ષા એજન્સીઓ નજર રાખી રહી છે. ઈ૨૦ પેટ્રોલ મુદ્દે સરકાર અને વિરોધ પક્ષ વચ્ચેનો વિવાદ આગામી દિવસોમાં વધુ ઉગ્ર બને તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### સુપ્રીમ કોર્ટમાં CBSEની પોલિસી વિરુદ્ધ અરજી

# ધોરણ ૯ના વિદ્યાર્થીઓ પર ૩ ભાષાઓ ન થોપો

**બંગાળમાં વિકલ્પો હોવા છતાં શિક્ષકો નથી આ નીતિ ૨૦૩૦માં લાગુ થવાની હતી, પરંતુ વહેલા લાગુ થતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

સુપ્રીમ કોર્ટમાં CBSEની ધોરણ-૯ની ત્રણ ભાષા નીતિ સામે અરજીઓ પર સુનાવણી થઈ. અરજદારોના વકીલ ગોપાલ શંકર નારાયણે તાત્કાલિક સુનાવણીની માંગ કરી. તેમણે જણાવ્યું કે, ઘણી શાળાઓમાં પસંદ કરેલી ભાષાના શિક્ષકો કે પુસ્તકો નથી. બંગાળમાં વિકલ્પો હોવા છતાં શિક્ષકો નથી. આ નીતિ ૨૦૩૦માં લાગુ થવાની હતી, પરંતુ વહેલા લાગુ થતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે છે. CJIએ આવતીકાલે સુનાવણીનું આશ્વાસન આપ્યું.

સીબીએસઈના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે ત્રણ ભાષા નીતિ ફરજિયાત કરવા સામે દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્યકાન્તની અધ્યક્ષતાવાળી પીઠ સમક્ષ અરજદારો તરફથી વરિષ્ઠ વકીલ ગોપાલ શંકર નારાયણે આ મામલે ઝડપથી સુનાવણી કરવાની માંગ કરી હતી. વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, આ કેસ બુધવારે સુનાવણી માટે લિસ્ટ કરવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં તેને યાદીમાંથી હટાવી દેવાયો હતો. તેમણે કહ્યું કે આ મામલે તાત્કાલિક સુનાવણીની જરૂર છે કારણ કે ઘણા વિદ્યાર્થીઓ એવી ભાષા ભણવા મજબૂર છે જેના માટે તેમની શાળાઓમાં પૂરતી વ્યવસ્થા નથી.

વરિષ્ઠ વકીલ ગોપાલ શંકર નારાયણે કોર્ટને જણાવ્યું હતું કે, ઘણા બાળકોને તે ભાષા નથી ભણાવવામાં આવી રહી જે તેમણે પસંદ કરી હતી. બાળકો માટે પુસ્તકો અને શિક્ષકો પણ ઉપલબ્ધ નથી. આ વ્યવસ્થા ધોરણ ૫-૮ અને ધોરણ ૮-૧૦ માટે છે. વિદ્યાર્થીઓ કોઈપણ શિક્ષક કે પુસ્તકો વિના ક્લાસરૂમમાં બેસી રહ્યા છે.

તેમણે પશ્ચિમ બંગાળનું ઉદાહરણ આપતા કહ્યું કે, કોલકાતામાં હિન્દી, બંગાળી અને સંસ્કૃતના વિકલ્પો છે, પરંતુ તેમની પાસે સંસ્કૃત કે હિન્દીના શિક્ષકો નથી. તેમણે વધુમાં જણાવ્યું કે આ ફોર્મ્યુલા ૨૦૩૦ માં લાગુ થવાનો હતો, જે હેઠળ ભાષા પસંદગી માટે ૨૨ ભાષાઓનો વિકલ્પ આપવો જરૂરી છે, પરંતુ મોટાભાગની શાળાઓમાં આ વિકલ્પો નથી. આના પર જસ્ટિસ બાગચીએ કહ્યું કે, ભાષા પસંદ કરવાનો વિકલ્પ ધોરણ ૬માં હોવો જોઈએ અને તે વિકલ્પો પણ એવા હોવા જોઈએ જે ખરેખર શક્ય હોય.

વરિષ્ઠ વકીલ ગોપાલ શંકર નારાયણે કહ્યું, 'કોર્ટને અમારી વિનંતી છે કે ધોરણ ૯ માટે જે થ્રી લેંગ્વેજ પોલિસીનું ફરજિયાતપણું છે તેને હટાવી દેવામાં આવે, કારણ કે ધોરણ ૯માં આવતા બાળકો પર બોર્ડનું વધારાનું દબાણ હોય છે.' હાલમાં CJIએ આશ્વાસન આપ્યું છે કે આવતીકાલે આ મામલાને સુનાવણી માટે લિસ્ટ કરવામાં આવી શકે છે.

# થાઈલેન્ડથી દિલ્હી આવતી એર ઈન્ડિયા ફ્લાઈટમાં ભયાનક ટર્બ્યુલન્સ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

થાઈલેન્ડના ફુકેટથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI2379 ઉડાન દરમિયાન ભારે ટર્બ્યુલન્સનો સામનો કરતી હોવાની ઘટના સામે આવી છે. અચાનક સર્જાયેલી આ પરિસ્થિતિમાં વિમાનમાં સવાર કેટલાક મુસાફરો અને ક્રૂ સભ્યોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જોકે, પાયલટની સતર્કતા અને કુશળ કામગીરીને કારણે વિમાનનું દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

એર ઈન્ડિયાએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, ફ્લાઈટને ઉડાન દરમિયાન થોડા સમય માટે ભારે હવાઈ અસ્થિરતા (ટર્બ્યુલન્સ)નો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે વિમાનની ઊંચાઈમાં અચાનક ફેરફાર થયો હતો. એરલાઈને સ્પષ્ટ કર્યું કે ઘટનામાં કોઈ મુસાફર અથવા ક્રૂ સભ્યને ગંભીર ઈજા પહોંચી નથી.

લેન્ડિંગ બાદ સામાન્ય ઈજા પામેલા મુસાફરો અને ક્રૂ સભ્યોને એરપોર્ટ પર હાજર મેડિકલ ટીમ દ્વારા તપાસ માટે મેડિકલ સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા. જરૂરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની તબિયત સ્થિર હોવાનું જણાવાયું છે.

એર ઈન્ડિયાએ કહ્યું કે, મુસાફરોની સુરક્ષા અને સુવિધા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આવી દરેક ઘટનાની આંતરિક સમીક્ષા કરવામાં આવે છે. વિમાનમાં સવાર કેટલાક મુસાફરોએ જણાવ્યું કે દિલ્હી પહોંચતા પહેલાં અચાનક જ વિમાનને જોરદાર આંચકા લાગવા લાગ્યા હતા અને થોડા સમય માટે વિમાન ઝડપથી નીચે ઉતરતું હોય તેવી અનુભૂતિ થઈ હતી.

આ ઘટનાથી કેબિનમાં ગભરાટ ફેલાયો હતો અને કેટલાક મુસાફરો પોતાની બેઠકોમાંથી ઉછળી ગયા હતા. જોકે, કેબિન ક્રૂએ મુસાફરોને શાંતિ જાળવવા અપીલ કરી હતી અને તમામ સુરક્ષા પ્રક્રિયાનું પાલન કરાવ્યું હતું. ટર્બ્યુલન્સ એટલે ઉડાન દરમિયાન હવામાં અચાનક સર્જાતી અસ્થિરતા, જેના કારણે વિમાનમાં ધ્રુજારી અથવા ઊંચ-નીચની હિલચાલ અનુભવાય છે. મોટાભાગના કિસ્સાઓમાં તેનું કારણ ખરાબ હવામાન, વાદળો, વાવાઝોડા, પર્વતીય વિસ્તારોની હવાની લહેરો અથવા હવામાં તાપમાનના ફેરફારો હોય છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ટર્બ્યુલન્સ સામાન્ય રીતે વિમાન માટે જોખમી નથી, પરંતુ જો મુસાફરો સીટ બેલ્ટ બાંધેલી ન હોય તો ઈજા થવાની શક્યતા રહે છે.

એવિએશન નિષ્ણાતો મુસાફરોને સલાહ આપે છે કે ઉડાન દરમિયાન જ્યારે પણ બેઠા હોય ત્યારે સીટ બેલ્ટ બાંધેલી રાખવી જોઈએ. આ સરળ સાવચેતી અચાનક ટર્બ્યુલન્સ દરમિયાન થતી મોટાભાગની ઈજાઓથી બચાવવામાં મદદરૂપ બને છે.

### પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે મહત્વપૂર્ણ નિર્ણય

# ઈરાનમાં ભારતના નવા રાજદૂત તરીકે વિશ્વેશ નેગીની નિમણૂક

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટને લઈને સર્જાયેલી અનિશ્ચિતતા વચ્ચે ભારત સરકારે મહત્વપૂર્ણ રાજદ્વારી નિર્ણય લીધો છે. ભારતીય વિદેશ સેવા (IFS)ના ૨૦૦૨ બેચના વરિષ્ઠ અધિકારી વિશ્વેશ નેગીને ઈરાનમાં ભારતના નવા રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલયે તેમની નિમણૂકની સત્તાવાર જાહેરાત કરી છે. વિશ્વેશ નેગી ટૂંક સમયમાં તેહરાનમાં પોતાનો કાર્યભાર સંભાળશે અને હાલના રાજદૂત રુદ્ર ગૌરવ શ્રેષ્ઠનું સ્થાન લેશે.

વિશ્વેશ નેગી હાલમાં વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ તરીકે ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર સાથે ભારતના સંબંધોની જવાબદારી સંભાળી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય કૂટનીતિ, સુરક્ષા અને વ્યૂહાત્મક સહયોગના ક્ષેત્રમાં તેમને લાંબો અને વ્યાપક અનુભવ છે. અગાઉ તેઓ રક્ષા મંત્રાલયમાં આંતરરાષ્ટ્રીય સહકાર વિભાગના સંયુક્ત સચિવ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે, જ્યાં તેમણે સંરક્ષણ કૂટનીતિ, સૈન્ય સહયોગ અને અનેક દ્વિપક્ષીય ચર્ચાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તે ઉપરાંત વિશ્વેશ નેગીએ સંયુક્ત રાષ્ટ્રના રાજકીય વિભાગમાં નિર્દેશક તરીકે પણ મહત્વપૂર્ણ સેવા આપી છે. પાકિસ્તાન, ઓશિનિયા સહિત અનેક દેશો અને પ્રદેશોમાં રાજદ્વારી જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવવાના તેમના અનુભવને ધ્યાનમાં રાખીને તેમને ઈરાન જેવી વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ પોસ્ટિંગ સોંપવામાં આવી છે.

બીજી તરફ હાલના રાજદૂત રુદ્ર ગૌરવ શ્રેષ્ઠને તુર્કીમાં ભારતના આગામી રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ભારત અને ઈરાન વચ્ચે ઊર્જા સુરક્ષા, વેપાર, ચાબહાર બંદર અને પ્રાદેશિક સહયોગ જેવા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ જોડાયેલા છે. હાલ પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ તેમજ હોર્મુઝ સ્ટ્રેટની સ્થિતિને કારણે વૈશ્વિક વેપાર અને તેલ પુરવઠા પર અસર થવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. આવી સ્થિતિમાં ભારત માટે સંતુલિત અને અસરકારક રાજદ્વારી અભિગમ જાળવવો અત્યંત જરૂરી બની ગયો છે.

વિશ્વેશ નેગી સામે હવે ભારત-ઈરાનના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાનો તેમજ પ્રાદેશિક અસ્થિરતા વચ્ચે ભારતના વ્યૂહાત્મક અને આર્થિક હિતોની સુરક્ષા કરવાનો મહત્વપૂર્ણ પડકાર રહેશે.

નિષ્ણાતોનું માનવું છે કે, તેમના અનુભવોના આધારે તેઓ બદલાતી ભૂરાજકીય પરિસ્થિતિમાં ભારતના હિતોને અસરકારક રીતે આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

### હોર્મુઝમાં ફરી હુમલો, તણાવ વધ્યો

# અમેરિકા-ઈરાન વાટાઘાટોને લઈને વિરોધાભાસી દાવા વચ્ચે હોર્મુઝની ખાડીમાં જહાજ પર હુમલો

**હોર્મુઝની ખાડીમાં સર્જાયેલી આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય ઊર્જા પુરવઠા અને વૈશ્વિક બજારો અંગે નવી ચિંતા ઊભી કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત વાટાઘાટોને લઈને વિરોધાભાસી નિવેદનો વચ્ચે હોર્મુઝની ખાડીમાં ફરી એકવાર જહાજ પર હુમલાની ઘટના સામે આવતા મધ્ય પૂર્વમાં તણાવ વધુ ઘેરો બન્યો છે. વૈશ્વિક કાચા તેલના વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની ખાડીમાં સર્જાયેલી આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય ઊર્જા પુરવઠા અને વૈશ્વિક બજારો અંગે નવી ચિંતા ઊભી કરી છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે અને તેહરાન માટે સમજૂતી કરવાની આ "છેલ્લી તક" છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, આ પ્રક્રિયા સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, કતાર અને અન્ય પ્રાદેશિક દેશોની વિનંતી બાદ આગળ વધી રહી છે.

જોકે, ઈરાને અમેરિકાના આ દાવાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સ્પષ્ટ જણાવ્યું કે અમેરિકા સાથે કોઈ વાટાઘાટો ચાલી રહી નથી અને આવી કોઈ બેઠક પણ નક્કી કરવામાં આવી નથી. ઈરાને પોતાના વલણમાં કોઈ ફેરફાર ન હોવાનું જણાવ્યું છે.

આ દરમિયાન યુકે મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO)ના જણાવ્યા અનુસાર, ઓમાનના કિનારા નજીક હોર્મુઝની ખાડી વિસ્તારમાં એક કાર્ગો જહાજ અજ્ઞાત પ્રોજેક્ટાઈલથી નિશાન બન્યું હતું. ઘટનાની તપાસ ચાલી રહી છે.

જોકે હુમલા માટે જવાબદાર કોણ છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

તણાવ છતાં વૈશ્વિક બજારોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. વાટાઘાટોની સંભાવનાને કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ઘટાડો નોંધાયો હતો, જ્યારે અમેરિકાના શેરબજારોમાં તેજી જોવા મળી હતી. જોકે, વિશ્લેષકોનું માનવું છે કે હોર્મુઝની ખાડીમાં સુરક્ષા અંગેની અનિશ્ચિતતા યથાવત રહે તો તેલના ભાવમાં ફરી ઉછાળો આવી શકે છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટમાં દાવો કર્યો કે અમેરિકન નેવીનું હોર્મુઝની ખાડી પર સંપૂર્ણ નિયંત્રણ છે. બીજી તરફ ઈરાને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે પ્રાદેશિક સુરક્ષા અને દરિયાઈ હિલચાલ અંગે તેની ભૂમિકાને અવગણી શકાય નહીં.

હોર્મુઝની ખાડી વિશ્વના કુલ સમુદ્રી કાચા તેલના મોટા હિસ્સાના પરિવહન માટે મહત્વપૂર્ણ માર્ગ છે. તેથી અહીં સર્જાતી કોઈપણ અસ્થિરતા વૈશ્વિક ઊર્જા બજાર, શિપિંગ ઉદ્યોગ અને તેલના ભાવ પર સીધી અસર કરી શકે છે. આગામી દિવસોમાં અમેરિકા અને ઈરાનના વલણ તેમજ ખાડી વિસ્તારમાં સુરક્ષા પરિસ્થિતિ પર સમગ્ર વિશ્વની નજર રહેશે.

# શેખ હસીનાના નવી દિલ્હીમાં થનારા વર્ચ્યુઅલ ભાષણ સામે બાંગ્લાદેશનો વાંધો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઢાકા, તા.૦૪**

બાંગ્લાદેશે ભારતના નવી દિલ્હીથી દેશનિકાલ કરાયેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના આયોજિત વર્ચ્યુઅલ સંબોધન પર પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા ભારતને અનુરોધ કર્યો છે. બાંગ્લાદેશે ચેતવણી આપી છે કે કોઈ ફરાર વ્યક્તિ દ્વારા રાજકીય પ્રવૃત્તિઓ ચલાવવાથી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નુકસાન થઈ શકે છે.

હસીના આગામી ૫ ઑગસ્ટે દિલ્હીમાં ફોરિન કરસ્પોન્ડન્ટ્સ ક્લબ દ્વારા યોજાનાર એક કાર્યક્રમમાં વીડિયો લિંક દ્વારા સંબોધન કરવાની છે. જે તેમની સરકારને પદભ્રષ્ટ કરનાર વિદ્યાર્થી આંદોલનની બીજી વર્ષગાંઠ નિમિત્તે યોજાઈ રહ્યો છે.

આ મુદ્દો એવા સમયે સામે આવ્યો છે. જ્યારે ઢાકા ભારત પાસેથી શેખ હસીનાના પ્રત્યાર્પણની સતત માંગ કરી રહ્યું છે. ઑગસ્ટ ૨૦૨૪માં બાંગ્લાદેશ છોડ્યા પછી હસીના ભારતમાં જ આશરો લઈ રહી છે. તેમની સામે અનેક ગંભીર કેસો નોંધાયેલા હોવા છતાં, તેમણે ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની યોજના બનાવી છે.

બાંગ્લાદેશના વિદેશ રાજ્યમંત્રી શમા ઓબેદ ઈસ્લામે જણાવ્યું હતું કે, ભારત સાથેની પ્રગતિને અટકાવવા માંગતા નથી, પરંતુ ભારતે આ મામલે પોતાની સ્પષ્ટ સ્થિતિ દર્શાવવી આવશ્યક છે.

આયોજકોના જણાવ્યા મુજબ, ૭૮ વર્ષીય હસીના તેમના પુત્ર સાથે આ કાર્યક્રમને સંબોધિત કરશે. શમા ઓબેદે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશે ભારતીય ભૂમિ પરથી રાજકીય નિવેદનો આપતી હસીના અને અન્ય નેતાઓ સામે અગાઉ પણ ચિંતા વ્યક્ત કરી હતી. ફરાર આરોપી વ્યક્તિઓના નિવેદનોથી ભારત-બાંગ્લાદેશના સંબંધોને નુકસાન પહોંચવું જોઈએ નહીં. જોકે, તેમણે સ્વીકાર્યું કે આ કાર્યક્રમ ભારત સરકાર દ્વારા આયોજિત નથી, તેમ છતાં ઢાકા કૂટનીતિક માધ્યમો દ્વારા આ મામલો ગંભીરતાથી ઉઠાવશે.

શેખ હસીનાને સત્તા પરથી હટાવ્યા બાદ બંને દેશો વચ્ચે તણાવ રહ્યો છે, પરંતુ તાજેતરની નવી સરકાર આવ્યા બાદ સંબંધો સુધારવાના પ્રયાસો ચાલુ છે. હસીનાના શાસનના પતન બાદ બાંગ્લાદેશે પ્રત્યાર્પણની માંગ કરી હતી અને વર્ષ ૨૦૨૫માં માનવતા વિરુદ્ધના ગુનાઓમાં તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. આ દમનમાં અંદાજે ૧,૪૦૦ લોકોના મોત થયા હોવાનો અંદાજ છે.

જોકે, હસીનાએ આ તમામ આરોપો અને ચુકાદાઓને રદબાતલ ગણાવીને ફગાવી દીધા છે.

# આયાતે તોડ્યો નવો રેકોર્ડ : અમેરિકાની ટેરિફની ધમકી છતાં રશિયા ભારતનો સૌથી મોટો ક્રૂડ સપ્લાયર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

અમેરિકાની સંભવિત ટેરિફની ચેતવણી છતાં ભારતે જુલાઈ ૨૦૨૬ દરમિયાન રશિયા પાસેથી રેકોર્ડ સ્તરે ક્રૂડ ઓઈલની આયાત કરી છે. અંદાજે દરરોજ ૫૦ લાખ બેરલની કુલ આયાતમાંથી ૨૭થી ૨૮ લાખ બેરલ ક્રૂડ રશિયાથી આવ્યું, જેના કારણે પ્રથમ વખત ભારતની કુલ ક્રૂડ આયાતમાં રશિયાનો હિસ્સો ૫૦ ટકાથી વધુ નોંધાયો છે.

આંકડાઓ મુજબ રશિયા ભારતનો સૌથી મોટો ક્રૂડ સપ્લાયર બની રહ્યો છે, જ્યારે યુએઈ અને સાઉદી અરેબિયા અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે રહ્યા છે. બંને દેશોનો સંયુક્ત પુરવઠો પણ રશિયાની સરખામણીએ ઓછો રહ્યો છે. આ વધારો એવા સમયે નોંધાયો છે જ્યારે અમેરિકા રશિયાથી તેલ ખરીદતા દેશો સામે વધારાના ટેરિફ સહિતના પગલાં પર વિચાર કરી રહ્યું છે. તેમ છતાં ભારતે પોતાની ઊર્જા સુરક્ષા અને આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને ડિસ્કાઉન્ટેડ રશિયન ક્રૂડની ખરીદી ચાલુ રાખી છે.

ઊર્જા વિશ્લેષકોના મતે ભારતની ઊર્જા સ્ત્રોતોમાં વૈવિધ્ય લાવવાની નીતિ સફળ રહી છે. રશિયા તરફથી મળતા ડિસ્કાઉન્ટેડ ક્રૂડને કારણે આયાત ખર્ચમાં રાહત મળી છે, જેનાથી રિફાઈનરીઓને સ્પર્ધાત્મક લાભ મળ્યો છે અને દેશના વેપાર તથા રાજકોષીય સંતુલન જાળવવામાં પણ મદદ મળી છે.

પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય અનિશ્ચિતતા વચ્ચે રશિયા ભારત માટે વિશ્વસનીય અને મહત્વપૂર્ણ ઊર્જા ભાગીદાર તરીકે વધુ મજબૂત બનીને ઉભર્યું છે.

## પેટ્રોલ-ડીઝલ અને જેટ ફ્યુઅલની નિકાસ પર વિન્ડફોલ ટેક્સ વધ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને જેટ ફ્યુઅલ (ATF)ની નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સમાં વધારો કર્યો છે. નાણા મંત્રાલયના નવા નોટિફિકેશન મુજબ, પેટ્રોલ પર પ્રતિ લિટર ૧, ડીઝલ પર ૧૦ અને જેટ ફ્યુઅલ પર ૭.૫નો વધારો કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધતી અસ્થિરતા અને ભૂરાજકીય તણાવ વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે.

નવી વ્યવસ્થા મુજબ પેટ્રોલ પર નિકાસ શુલ્ક ૨.૫થી વધીને ૩.૫ પ્રતિ લિટર, ડીઝલ પર ૧૫.૫થી વધીને ૨૫.૫ પ્રતિ લિટર અને જેટ ફ્યુઅલ પર ૧૪.૫થી વધીને ૨૨ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. આ ટેક્સ માત્ર નિકાસ માટે લાગુ પડે છે અને દેશની અંદર વેચાતા ઈંધણના ભાવ પર સીધી અસર કરતો નથી.

સામાન્ય ગ્રાહકો માટે હાલ પેટ્રોલ અને ડીઝલના રિટેલ ભાવમાં તાત્કાલિક કોઈ વધારો થવાની શક્યતા નથી, કારણ કે આ ડ્યુટી રિફાઈનરીઓ દ્વારા વિદેશમાં નિકાસ થતા ઉત્પાદનો પર લાગુ કરવામાં આવી છે. સરકારનો ઉદ્દેશ્ય સ્થાનિક બજારમાં ઈંધણનો પૂરતો પુરવઠો જાળવી રાખવાનો અને નિકાસમાંથી મળતા વધારાના નફાને નિયંત્રિત કરવાનો છે.

કેન્દ્ર સરકાર વૈશ્વિક ક્રૂડના ભાવ, સ્થાનિક ઉપલબ્ધતા અને બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને દર ૧૫ દિવસે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરે છે. નવા દરો લાગુ થતાં ભારતીય રિફાઈનરીઓ માટે નિકાસ ખર્ચ વધશે, જ્યારે દેશના ઈંધણ પુરવઠાને વધુ સ્થિર રાખવામાં મદદ મળશે.

## નાના વેપારીઓને લેટ પેમેન્ટથી મળશે મોટી રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૪**

રાજ્યસભાએ માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝિસ ડેવલપમેન્ટ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬ને મંજૂરી આપી છે. નવા સુધારા હેઠળ MSME એકમોને લાંબા સમયથી સતાવતા વિલંબિત ચુકવણી (Late Payment)ના પ્રશ્નના ઝડપી ઉકેલ અને તેમના કેશ ફ્લોને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય MSME મંત્રી જીતન રામ માંઝીએ જણાવ્યું કે, આ બિલ ૨૦૦૬ના કાયદામાં જરૂરી સુધારા કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો સામેના વહીવટી અને નાણાકીય પડકારો ઘટાડશે. તેમના જણાવ્યા મુજબ MSME ક્ષેત્ર દેશના GDPમાં આશરે ૩૧%, મેન્યુફેક્ચરિંગ ઉત્પાદનનો ૩૬% અને નિકાસનો ૪૧% હિસ્સો ધરાવે છે. જો ચુકવણી સંબંધિત વિવાદ ૬ મહિનાથી વધુ સમય સુધી પેન્ડિંગ રહે તો અદાલત ખરીદદારને દાવાની રકમના ઓછામાં ઓછા ૫૦% જમા કરાવવાનો આદેશ આપી શકશે.

મધ્યસ્થી (Mediation) અને આર્બિટ્રેશન દ્વારા થયેલા સમાધાનને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવાની જોગવાઈ કરવામાં આવી છે. પ્રથમ વખતના કેટલાક ઉલ્લંઘનો માટે ચેતવણી આધારિત ગ્રેડેડ દંડની વ્યવસ્થા કરવામાં આવી છે.

MSMEની મફત અને સ્વૈચ્છિક ડિજિટલ નોંધણી માટે રાષ્ટ્રીય પ્લેટફોર્મની જોગવાઈ પણ કરવામાં આવી છે.

સરકારનું માનવું છે કે આ સુધારાઓથી નાના વેપારીઓ અને ઉદ્યોગોને સમયસર ચુકવણી મળશે, લિક્વિડિટીમાં સુધારો થશે અને વ્યવસાય કરવાની સરળતા વધશે. ચર્ચા દરમિયાન વિપક્ષે વિવિધ મુદ્દાઓને લઈને હોબાળો કર્યો હતો, પરંતુ અંતે બિલને રાજ્યસભાની મંજૂરી મળી ગઈ. હવે બિલ કાયદાનું સ્વરૂપ ધારણ કરવા માટે આગળની બંધારણીય પ્રક્રિયામાં જશે.

## લશ્કર-એ-તૈયબાના ઓપરેટિવનું નિવેદન ચર્ચામાં

# પાકિસ્તાનમાં ૩૦થી વધુ આતંકીઓના મોતનો દાવો

**પેશાવર, કરાચી, રાવલપિંડી જેવા શહેરોમાં ભારતીય ગુપ્તચર એજન્સીઓ દ્વારા આ સફાયો કરાયો હોવાનો દાવો તેણે કર્યો**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૪**

પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા એક ઓપરેટિવે જાહેર સભામાં દાવો કર્યો છે કે છેલ્લા ૩થી ૪ વર્ષમાં પાકિસ્તાનના અલગ-અલગ શહેરોમાં તેમના ૩૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં લશ્કરના ઓપરેટિવ રિઝવાન હનીફે દાવો કર્યો છે કે ભારતીય ગુપ્તચર એજન્સીઓએ "અજ્ઞાત હુમલાખોર મોડેલ" દ્વારા પાકિસ્તાનમાં ઘૂસીને આતંકીઓનો સફાયો કર્યો છે.

રિઝવાન હનીફે પોતાના સંબોધનમાં દાવો કર્યો છે કે લશ્કરના ઓપરેટિવ્સને પાકિસ્તાનના અનેક મુખ્ય શહેરોમાં નિશાન બનાવવામાં આવ્યા છે. જેમાં પેશાવર, કરાચી, રાવલપિંડી, મુઝફ્ફરાબાદ અને રાવલાકોટ જેવા વિસ્તારો સામેલ છે. છેલ્લા કેટલાક વર્ષોથી પાકિસ્તાનની ધરતી પર ભારત વિરોધી આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ આતંકીઓની અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા હત્યા કરવામાં આવી રહી છે. આ ઘટનાઓને કારણે પાકિસ્તાન સરકારે અગાઉ પણ ભારત પર આરોપો લગાવ્યા હતા, જેને નવી દિલ્હીએ હંમેશાં સ્પષ્ટપણે ફગાવી દીધા છે. પરંતુ લશ્કરના ટોચના ઓપરેટિવ દ્વારા આટલી મોટી સંખ્યામાં આતંકીઓના મોતની આ પ્રથમ વખત જાહેર કબૂલાત કરવામાં આવી છે.

પોતાના સંબોધન દરમિયાન રિઝવાન હનીફે અન્ય ધર્મો અને તેમના અનુયાયીઓ સામે ભારે ઝેર ઓક્યું હતું. તેણે આતંકવાદીઓના મોતોને ધર્મ સાથે જોડવાનો પ્રયાસ કરતા દાવો કર્યો હતો કે તેમના લોકોનો "એકમાત્ર ગુનો" તેમનો ધાર્મિક વિશ્વાસ હતો. ભાષણના અંતે તેણે અમેરિકા અને ઈઝરાયેલનો ઉલ્લેખ કરીને ધાર્મિક કટ્ટરતા દર્શાવતા નિવેદનો આપ્યા હતા.

લશ્કર-એ-તૈયબાની સ્થાપના ૧૯૮૦ના દાયકાના અંતમાં પાકિસ્તાનમાં હાફિઝ મોહમ્મદ સઈદ, ઝફર ઈકબાલ અને અબ્દુલ્લા અઝામ દ્વારા કરવામાં આવી હતી. શરૂઆતમાં સોવિયેત-અફઘાન યુદ્ધ દરમિયાન આ સંગઠન 'મારકાઝ-ઉદ-દાવા-વલ-ઈરશાદ'ની સશસ્ત્ર પાંખ તરીકે કામ કરતું હતું. સોવિયેત સેનાના પાછા હટ્યા પછી, આ સંગઠને પોતાનું ધ્યાન ભારતના જમ્મુ અને કાશ્મીર તરફ કેન્દ્રિત કર્યું હતું.

ભારત, અમેરિકા, સંયુક્ત રાષ્ટ્ર (UN) અને વિશ્વના ઘણા દેશોએ લશ્કર-એ-તૈયબાને આતંકવાદી સંગઠન જાહેર કરેલું છે. ભારત અને પશ્ચિમી દેશો સતત આક્ષેપ કરતા આવ્યા છે કે આ આતંકી સંગઠનને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI તરફથી તમામ પ્રકારનો ટેકો મળે છે.

## ભીમ્બરમાં મસ્જિદની અંદર સુરક્ષા દળોએ ક્રૂરતાનું કામ કર્યું

# મસ્જિદમાં ઈમામની હત્યા, સમગ્ર મીરપુર ડિવિઝનમાં ઈન્ટરનેટ બ્લેકઆઉટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પીઓકે, તા.૦૪**

પીઓકેમાં પાકિસ્તાની સેનાનો સાચો ચહેરો ખુલ્લો પડ્યો છે. સુરક્ષાના નામે ત્યાં તૈનાત મુનીરની સેના હવે લોકોનું રક્ષણ કરી રહી નથી. પરંતુ શિકારી તરીકે ફરે છે. 'ફીલ્ડ માર્શલ' અસીમ મુનીર દ્વારા મોકલવામાં આવેલા સૈનિકો આતંકવાદીઓની જેમ નિઃશસ્ત્ર નાગરિકોનો નરસંહાર કરી રહ્યા છે. તેમણે મસ્જિદ પણ છોડી નથી. આ લોકોએ અલ્લાહના ઘર પર હુમલો કર્યો, અને અંદર ઈમામની હત્યા કરી હતી. પીઓકેમાં, અસીમ મુનીર ઈન્ટરનેટ બંધ કરાવ્યુ છે. સુરક્ષા દળોના વેશમાં મોકલાયેલા મુનીરના રાક્ષસો નાગરિકો અને પ્રદર્શનકારીઓના અવાજને દબાવવા માટે ૨૪ કલાક હત્યાકાંડ કરી રહ્યા છે. રસ્તાઓ અને ગલીઓમાં લોહી પાણીની જેમ વહી રહ્યું છે.

હવે, સમાચાર આવી રહ્યા છે કે આ રાક્ષસોએ મસ્જિદને પણ છોડ્યો નથી. પાકિસ્તાની સુરક્ષા દળોથી સજ્જ, રાક્ષસોએ અલ્લાહના ઘર પર હુમલો કર્યો છે. ભીમ્બર જિલ્લાના એક સ્થાનિક ઈમામે અહેવાલ આપ્યો કે પાકિસ્તાની સુરક્ષા દળોએ એક મસ્જિદમાં પ્રવેશ કર્યો અને તેને કબજે કરી લીધો હતો. આ બે ઘટનાઓએ ફરી એકવાર પીઓકેના લોકોનો ગુસ્સો ભડકાવ્યો છે.

જમ્મુ અને કાશ્મીર જોઈન્ટ આવામી એક્શન કમિટી કહે છે કે પાકિસ્તાની વહીવટીતંત્ર નાગરિકો અને પ્રદર્શનકારીઓના અવાજને દબાવવા માટે સતત હિંસક કાર્યવાહી કરી રહ્યું છે.

બ્લેકઆઉટને કારણે, સ્થાનિક રહેવાસીઓનો બહારની દુનિયા સાથેનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો છે, પરંતુ તેમના અધિકારો માટે તેમની લડાઈ ચાલુ રહેશે.

# ઈરાનમાં ટેક્સી ડ્રાઈવરના ઘર પર બોમ્બ હુમલાનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તેહરાન, તા.૦૪**

ઈરાનના કેશ્મ ટાપુ પર થયેલા એક હવાઈ હુમલાને લઈને ગંભીર ચર્ચા શરૂ થઈ છે. અહેવાલો અનુસાર, ગયા અઠવાડિયે અમેરિકી હુમલા દરમિયાન એક સ્થાનિક ટેક્સી ડ્રાઈવરના ઘર પર ભારે બોમ્બ પડ્યો હતો, જેમાં પરિવારના ત્રણ સભ્યોના મોત થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઘટનાને લઈને અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ તપાસ શરૂ કરવાની વાત કહી છે. જોકે, હુમલાનું ચોક્કસ કારણ અને લક્ષ્ય અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિષ્કર્ષ જાહેર થયો નથી.

મૃતકની ઓળખ કૈસર જાફરી તરીકે કરવામાં આવી છે, જે કેશ્મ વિસ્તારમાં ટેક્સી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. અહેવાલ મુજબ, હુમલાના સમયે તેઓ પરિવાર સાથે ઘરે હાજર હતા. આ ઘટનામાં તેમની પત્ની ઝહરા અને પુત્રી સનાનું પણ મોત થયું હોવાનું જણાવવામાં આવ્યું છે, જ્યારે તેમના બે અન્ય બાળકો ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

સ્થાનિક અહેવાલો અનુસાર, હુમલામાં ભારે શક્તિશાળી બોમ્બનો ઉપયોગ થયો હતો, જેના કારણે સમગ્ર મકાન ધરાશાયી થઈ ગયું અને ઘટનાસ્થળે અંદાજે ૩૦ ફૂટ જેટલો પહોળો ખાડો સર્જાયો હતો. આસપાસના રહેણાંક વિસ્તારમાં પણ નુકસાન થયું હોવાનું જણાવવામાં આવ્યું છે. કેશ્મ ટાપુ પર મોટી સંખ્યામાં સ્થાનિક લોકો વસવાટ કરે છે અને આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના પ્રવક્તા કેપ્ટન ટિમ હોકિન્સે જણાવ્યું છે કે તેઓ ઘટનાસંબંધી અહેવાલોથી વાકેફ છે અને સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે અમેરિકી સૈન્યનો હેતુ ક્યારેય નાગરિકોને નિશાન બનાવવાનો નથી અને તપાસ પૂર્ણ થયા બાદ જ હકીકતો સ્પષ્ટ થશે.

ઈરાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલા બાદ કેશ્મ ટાપુના અસરગ્રસ્ત વિસ્તારમાંથી બે ડઝનથી વધુ પરિવારો સુરક્ષાના કારણોસર અન્ય સ્થળોએ સ્થળાંતર કરી ચૂક્યા છે. કેશ્મ ટાપુ હોર્મુઝ સ્ટ્રેટની નજીક આવેલો હોવાથી તે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ વિસ્તાર માનવામાં આવે છે. આ જળમાર્ગ વૈશ્વિક તેલ અને ગેસ પુરવઠા માટે મહત્વનો હોવાથી અહીં થતી કોઈપણ સૈન્ય કાર્યવાહી પર સમગ્ર વિશ્વની નજર રહે છે.

હાલમાં આ ઘટનાને લઈને વિવિધ દાવા અને પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. હુમલાનું ચોક્કસ કારણ, લક્ષ્ય અને જવાબદારી અંગે અંતિમ સ્થિતિ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થઈ શકશે.

## ભારતીયોને ઈબી-૨ વિઝા માટે વધારે રાહ જોવી પડશે

# અમેરિકામાં ભારતીયોને રોજગાર આધારિત ગ્રીનકાર્ડ હાલ મળશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૪**

ઈબી-૨ કેટેગરીના વિઝા મેળવીને અમેરિકા જતાં ઉચ્ચ ડિગ્રીધારક ભારતીયો સહિત તમામ વિદેશી નાગરિકોને હવે વધુ એક વર્ષની રાહ જોવી પડશે. અમેરિકન સરકારે આ વર્ષે આ કેટેગરીના વિઝા અવેલેબલ ન હોવાની જાહેરાત કરી દીધી છે. કેનેડાએ પણ અમેરિકાની જેમ અમુક કેટેગરી વિઝાના નિયમો કડક બનાવી દેતાં હજારો ભારતીયો માટે કેનેડાના વિઝા મેળવવાનું મુશ્કેલ બનશે.

અમેરિકન સરકારના કહેવા પ્રમાણે એમ્પ્લોયમેન્ટ બેઝ્ડ ગ્રીનકાર્ડ મેળવવા માટેની ઈબી-૨ કેટેગરી છે તેમાં આ વર્ષે જગ્યા નથી એટલે હવે આવતા નાણાકીય વર્ષથી નવી જગ્યા થશે ત્યાં સુધી આ કેટેગરીમાં અપ્લાય થઈ શકશે નહીં. ઈબી-૨ કેટેગરીમાં વિશેષ યોગ્યતા ધરાવતા વિદેશી નાગરિકોને સીધી એન્ટ્રી મળે છે. ભારતીયોમાં ઉચ્ચ અભ્યાસ કર્યા બાદ નિષ્ણાતોની કેટેગરીમાં અમેરિકા જવા માટે આ શ્રેણીના વિઝા ખૂબ પોપ્યુલર છે. અમેરિકન સરકારે કહ્યું હતું કે, ભારતીયો માટે ચાલુ વર્ષે આ કેટેગરીના વિઝા અવેલેબલ નથી, કારણ કે અરજદારોની ઉચ્ચ ડિમાન્ડ હોવાથી આ વર્ષની જગ્યા ભરાઈ ગઈ છે. હવે આવતા નાણાકીય વર્ષથી નવેસરથી જગ્યા થશે ત્યારે અરજી કરી શકાશે.

અમેરિકાના પગલે કેનેડામાં પણ ભારતીયો માટે વિઝાના નિયમો કડક બન્યાં છે. કેનેડાના ઈમિગ્રેશન વિભાગના કહેવા પ્રમાણે મલ્ટિનેશનલ કંપનીઓના આધારે જે વિઝા આપવામાં આવે છે તેની લાયકાતમાં ફેરફાર કરવામાં આવ્યાં છે. મલ્ટિનેશનલ કંપનીઓમાં કામ કરતાં





કર્મચારીઓને કંપનીઓના લેટરના આધારે વર્ક પરમિટ મળતી હતી, પરંતુ હવે એ કેટેગરીમાં અરજી કરતાં અરજદારોએ કેનેડાની સરકારે નક્કી કરેલા માપદંડો પણ પૂરા કરવા પડશે. આ કેટેગરીના વિઝા ભારતીયોમાં ખૂબ લોકપ્રિય હતા. મલ્ટિનેશનલ કંપનીઓમાં કામ કરતાં ભારતીયોએ કેનેડામાં આ પ્રકારના વિઝા મેળવીને જતા હતા, પરંતુ હવે નવા નિયમોના કારણે ભારતીય પ્રોફેશનલ્સને ફટકો પડશે.




## ફિલ્મનું શૂટિંગ સપ્ટેમ્બરથી શરૂ થશે

# આર ડી બર્મનની બાયોપિકમાં અક્ષય કુમારનો કેમિયો કરશે




**ફિલ્મમાં ફરહાન અખ્તર આરડી બર્મન ઉપરાંત એક ઓર દિગ્ગજ સંગીતકાર પંડિત રવિશંકરની પણ ભૂમિકા હશે**



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ફરહાન અખ્તરની મુખ્ય ભૂમિકા ધરાવતી આર ડી બર્મનની બાયોપિકમાં હવે અક્ષય કુમાર પણ એક ખાસ કેમિયો કરવાનો હોવાનું જાણવા મળ્યું છે. નીરજ પાંડે અને અક્ષય કુમાર અગાઉ પાંચ ફિલ્મમાં સાથે કામ કરી ચૂક્યા હોવા છતાં એક દાયકા બાદ તેઓ આ ફિલ્મમાં ફરી સાથે કામ કરશે. અક્ષય કુમારની ભૂમિકા નાની છે પણ તે સ્ટોરી માટે ખૂબ મહત્વની છે. નીરજ પાંડેએ આ રોલ નેરેટ કર્યો તે સાથે જ અક્ષયકુમાર તે ભજવવા માટે તૈયાર થઇ ગયો હતો. નીરજ પાંડે આ ફિલ્મનું નિર્દેશન કરી રહ્યા છે.

યુવાન આરડી બર્મનના ક્લાસિક ગીતો રિક્રિએટ કરવા માટે હાલ મ્યુઝિક સિટિંગ ચાલી રહ્યા છે. ફિલ્મ હાલ પ્રિ-પ્રોડક્શન તબક્કે છે અને તેનું શૂટિંગ સપ્ટેમ્બરથી શરૂ થવાની સંભાવનાઓ છે. ફરહાન અખ્તર આરડી બર્મન ઉપરાંત એક ઓર દિગ્ગજ સંગીતકાર પંડિત રવિશંકરની પણ ભૂમિકા એક ફિલ્મમાં ભજવવાનો છે.

## ભાઈ સોહેલને સપોર્ટ કરવા પહોંચેલા સલમાને યાદ કર્યા જેલના દિવસો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**


સલમાન ખાનનો ભાઈ સોહેલ ખાન હાલમાં રિયાલિટી શો 'એલાયન્સ'નો કન્ટેસ્ટન્ટ્સ છે. એક મુશ્કેલ સપ્તાહ બાદ તેને સપોર્ટ કરવા માટે સલમાન ખાન શોમાં એન્ટ્રી કરે છે. તાજેતરના એપિસોડના સામે આવેલા એક વીડિયોમાં સલમાને જેલમાં વિતાવેલા સમયને યાદ કરીને કેટલીક વાતો શેર કરી.

સલમાન ખાને જેલના દિવસો યાદ કર્યા. સલમાન ખાને કહ્યું કે, 'ઘણા વર્ષો પહેલા જ્યારે હું જેલમાં ગયો હતો, ત્યારે અમારી સામે લોખંડના સળિયા હતા. એક નાના રૂમમાં ૫૦-૬૦-૭૦ લોકો રહેતા હતા અને ત્યાં એક જ બાથરૂમ હતું, ઈન્ડિયન સ્ટાઇલ કમોડ, ક્યારેક-ક્યારેક ત્યાં ગરોળીઓ પણ આવી જતી હતી અને સ્થિતિ એટલી ખરાબ હતી કે ગંદકી ઉપર સુધી ભરેલી રહેતી હતી.'

તમને જણાવી દઈએ કે, ૧૯૯૮ના કાળિયાર શિકાર અને ચિંકારા શિકાર કેસમાં સલમાન ખાનને કુલ ચાર વખત જેલ અથવા કસ્ટડીમાં રહેવું પડ્યું હતું, જેમાં તેણે લગભગ ૧૮ દિવસનો સમય જેલમાં વિતાવ્યો હતો. આ પહેલાં ૨૦૦૮માં આપેલા એક ઈન્ટરવ્યુમાં પણ સલમાને પોતાના જેલના અનુભવ અંગે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે, 'હું બિલકુલ શાંત હતો, જાણે બધું ઠીક છે. મને કોઈ ટેન્શન નહોતું, બસ બાથરૂમની તકલીફ હતી. આ જ સૌથી મોટી મુશ્કેલી હતી. ત્રણ-ચાર વખત હું અંદર ગયો અને બહાર આવ્યો. જો કોઈ તમને અંદર મોકલવા માંગતું હોય, તો તમે ચૂપચાપ ચાલ્યા જાઓ છો. પરંતુ જ્યારે તમને ખબર હોય કે તમે કંઈ ખોટું નથી કર્યું, તો તમે માથું ઊંચું રાખીને જાઓ છો.'

'એલાયન્સ' એક રિયાલિટી શો છે, જેને કૃણાલ ખેમૂ હોસ્ટ કરી રહ્યો છે. તેમાં ટીવી, ફિલ્મ, સ્પોર્ટ્સ અને ડિજિટલ દુનિયાના સ્ટાર્સ ભાગ લે છે અને મુશ્કેલ ટાસ્ક કરે છે. આ ગેમમાં રહેવા માટે કન્ટેસ્ટન્ટ્સને સતત નવા સબંધો બનાવવા અને તોડવા પડે છે. આ શો આ સમયે પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થઈ રહ્યો છે.

# ફરહાને લાલા અમરનાથની બાયોપિક લલકાર છોડી દીધી




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ફરહાન અખ્તરે આમિરખાન અને આશુતોષ ગોવારીકરની ફિલ્મ 'લલકાર' છોડી દેતાં તેના સ્થાને 'જ્યુબિલિ' સીરિઝ ફેમ સિદ્ધાંત ગુપ્તાની પસંદગી કરવામાં આવી છે. આર.ડી. બર્મનની બાયોપિકમાં ડેટ્સ આપી દીધી હોઇ ફરહાન માટે આ ફિલ્મની તૈયારીઓ માટે પૂરતો સમય કાઢવાનું મુશ્કેલ હોઇ તેણે લાલા અમરનાથની કહાની કહેતી સ્પોર્ટ્સ ફિલ્મ 'લલકાર' છોડી દીધી હોવાનું જાણવા મળ્યું છે. જો કે ફરહાન સહનિર્માતા તરીકે તો આ ફિલ્મ સાથે સંકળાયેલો રહેશે.

આમિર ખાનની આ ફિલ્મનું શૂટિંગ પહેલી ઓક્ટોબરથી મુંબઈમાં શરૂ કરવામાં આવશે. સિદ્ધાંત ગુપ્તા આ ફિલ્મમાં આમિર ખાનના દોસ્તોમાંથી એકની ભૂમિકા કરશે. આમિર ખાન આ ફિલ્મમાં સ્વતંત્ર ભારતના પ્રથમ ક્રિકેટ કેપ્ટન લાલા અમરનાથની ભૂમિકા ભજવવાનો છે. ૧૯૫૨ની ઐતિહાસિક ભારત-પાકિસ્તાન ટેસ્ટ ક્રિકેટ સિરિઝ પર આધારીત આ ફિલ્મ બનાવવા માટે આશુતોષ ગોવારીકર અને આમિર ખાન ૨૦૦૧માં આવેલી 'લગાન' ફિલ્મ બાદ ફરી સાથે કામ કરી રહ્યા છે. આ ફિલ્મ પિયુષ ગુપ્તા અને નીરજસિંહે લખી છે.

## કંગના રણૌતનો સોનાક્ષીને ટોણો?

# 'મુસ્લિમ સાથે લગ્ન બાદ હિન્દુ યુવતીઓ લેફ્ટિસ્ટ બની જાય છે'

**વીડિયો અને પોસ્ટ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ભારે વિવાદ ઊભો થયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવૂડ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપના સાંસદ કંગના રનૌતે સોશિયલ મીડિયા પર એક વીડિયો અને ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરીને ફિલ્મ ઈન્ડસ્ટ્રીની હિન્દુ મહિલાઓ, તેમના સંબંધો અને રાજકીય વિચારધારા પર નિશાન સાધ્યું છે. કંગનાએ નામ લીધા વિના અભિનેત્રી સોનાક્ષી સિંહા પર પરોક્ષ રીતે ગંભીર આરોપો લગાવ્યા છે. આ વીડિયો અને પોસ્ટ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ભારે વિવાદ ઊભો થયો છે.

કંગના રનૌતે પોતાની એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું હતું કે, 'ઘણા ફેક ન્યૂઝ વાઈરલ થઈ રહ્યા છે અને મારી પોસ્ટ પરની આ 'લાઇક' પણ ફેક છે. હું ક્યારેય કોઈને બોડી શેમ નથી કરતી, પરંતુ મેં નોંધ્યું છે કે ઈન્ડસ્ટ્રીની એક અભિનેત્રી આજકાલ પોકેટમાર જેવા કપડાં પહેરે છે અને તેવી જ ભાષા બોલે છે. તે અડધી પેન્ટ અને ઊંધી કેપ પહેરીને ખિસ્સાકાતરુની જેમ વાત કરે છે તથા પ્રદર્શનકારીઓના ખરાબ વર્તનને ઉત્સાહપૂર્વક પ્રોત્સાહન આપી રહી છે. મને હંમેશા એવું લાગે છે કે સંબંધોમાં તમે કેવા કપડાં પહેરો છો તે તમારી માનસિકતા દર્શાવે છે. એવામાં જો તમારો પાર્ટનર તમને ખિસ્સાકાતરુ જેવો અનુભવ કરાવતો હોય તો તે દુઃખદ છે. તે પહેલાં કેટલાં સુંદર કપડાં પહેરતી હતી અને કેટલી મર્યાદાથી વાત કરતી હતી, ટેને શું થઈ ગયું છે? વિચારો તમારા પોતાના હોઈ શકે છે, પરંતુ તમે તમારી સ્ટાઇલિંગ વધુ સારી બનાવી શકો છો. જો તમને કોઈ મદદની જરૂર હોય તો હું હંમેશા તમારી સાથે છું.'

વીડિયોમાં કંગનાએ દાવો કર્યો કે, 'ફિલ્મ ઈન્ડસ્ટ્રીની કેટલીક હિન્દુ યુવતીઓ પહેલાં રાજકારણ કે ધર્મ અંગે તટસ્થ હોય છે. પરંતુ જેવી તે 'ઈસ્લામિસ્ટ' પુરુષો સાથે લગ્ન કે મિત્રતાના સંબંધમાં આવે છે, તરત જ તેની વિચારધારા બદલાઈ જાય છે અને તે કટ્ટરપંથી કે ડાબેરી બની જાય છે.'

કંગનાએ પોતાનો પક્ષ મૂકતા જણાવ્યું કે, 'હું પહેલાં મધ્યમમાર્ગી હિન્દુ હતી, પરંતુ હવે હું સંઘી, ભાજપ અને આરએસએસની વિચારધારા સાથે જોડાયેલી 'જાગૃત હિન્દુ' બનવા માંગું છું.'

અભિનેતા ઝહીર ઈકબાલ સાથે લગ્ન કરનાર સોનાક્ષી સિંહાએ તાજેતરમાં દિલ્હીના જંતર મંતર પર NEET પેપર લીક વિવાદ અંગે યોજાયેલા વિરોધ પ્રદર્શન અને 'ચલો સંસદ' માર્ચનું સમર્થન કર્યું હતું. સોનાક્ષી સોશિયલ મીડિયા પર સતત આ વિરોધ પ્રદર્શન અંગે પોસ્ટ શેર કરતી રહી છે. આ પ્રદર્શન દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસક ઝડપ પણ થઈ હતી. કંગનાએ આ પહેલાં પણ પ્રદર્શન કરી રહેલા યુવાનોને 'ગટર જનરેશન' કહીને સંબોધ્યા હતા, જેના કારણે વિવાદ વધુ વકર્યો હતો.

કંગના રનૌતના આ કટાક્ષ બાદ સોશિયલ મીડિયા યુઝર્સ એ તરત જ અનુમાન લગાવી લીધું હતું કે કંગનાનો ઈશારો સોનાક્ષી સિંહા તરફ જ હતો. યુઝર્સે કંગનાની પોસ્ટ સાથે સોનાક્ષીની તસવીરો શેર કરવાનું શરૂ કરી દીધું હતું. બીજી તરફ, કંગનાનો ૨૦૧૮ના કાન્સ ફેસ્ટિવલની આફ્ટર-પાર્ટીનો ડાન્સ કરતો જૂનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. જેનો જવાબ આપતા કંગનાએ કહ્યું કે, 'ભૂતકાળમાં મેં બધું જ કર્યું છે, પરંતુ હવે હું મારી ધાર્મિક અને રાજકીય ઓળખ પ્રત્યે પૂરી રીતે જાગૃત છું.'

જ્ઞાન ગંગા ઈંગ્લિશ મિડીયમ હાઈસ્કૂલ છીરીના વિદ્યાર્થીઓ અને શાળા પરિવાર દ્વારા

# વાપીના સલવાવ, રાતા, અંબાચ ગામના પૂરપીડિતોને અનાજની સહાય કીટ વિતરણ કરાઈ







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૪**

વાપીના છરવાડા, રાતા, અંબાચ ગામના પૂરરગ્રસ્ત લોકોના વ્હારે જ્ઞાન ગંગા ઈંગલિશ મિડિયમ હાઈસ્કૂલ દ્વારા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથેની કિટ વિતરણ કરવામાં આવી હતી.

અતિભારે વરસાદને કારણે સમગ્ર વલસાડ જિલ્લો પુરની ચપેટમાં આવી ગયો છે. કાચા પાકા મકાનમાં રહેતા લોકોથી માંડીને મોટા પાકા ઘરોમાં રહેતા લોકો ભયંકર આપદામાં મુકાઈ ગયા છે. ઘરની અંદરથી કપડાં, માલસામાન, રાશન વગેરે તમામ ચીજવસ્તુઓ પાણી સાથે વહી ગઈ છે.

વાપી છીરી જ્ઞાન ગંગા ઈંગલિશ મિડીયમ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને અને શાળા પરિવારમાં શિક્ષકોને કંઈક એવું થયું કે આપણા આજુબાજુના ગામો અને પરિવારોને પુરના પાણીમાં બધુ જ વહી ગયુ છે એટલે આપણે સાથે મળીને કંઈક મદદરૂપ થઈ શકીએ એવા વિચારોની પ્રેરણાથી શાળાના ચેરમેન સંદીપ આર. પટેલ સાથે વાત કરીને અનાજની કિટ વિતરણ કરવાનું વિચારીને પોતાના તરફથી જે યથાશક્તિ થોડું થોડું સામાન ભેગુ કરીને સરસ મજાની થોડા દિવસ પોતાનું ગુજરાન ચલાવી શકે તેવી અનાજની કિટ તૈયાર કરવામાં આવી હતી. જે કિટ શાળાના ટ્રસ્ટી, આચાર્ય તથા તેમના સ્ટાફ દ્વારા રાતા, પાંડોર, અંબાચ, ખેરલાવ, સલવાવ, છરવાડા, અંભેટી મુકામે વરસાદનો ભોગ બનેલા ૨૫૦થી વધુ કુટુંબોને અનાજ, રાશન વગેરેની મદદ પુરી પાડી છે.

આ સાથે શાળાના ટ્રસ્ટી સંદીપ આર પટેલે જણાવ્યું હતું કે, શાળાના વિદ્યાર્થીઓને પણ શીખવવામાં આવ્યું કે કુદરતી આપદા ક્યારે અને કોને પોતાની ઝપેટમાં લેશે તેની કોઈને કઈ ખબર હોતી નથી, આથી આવા સમયે માનવતા દાખવીને આપણે હંમેશા સાથે મળીને થોડી થોડી મદદ માટે હંમેશા આગળ આવવું જોઈએ. જેથી આપદામાં સર્વસ્વ ગુમાવેલા પરિવારના જીવનમાં જે ભયંકર અંધકાર આવી ગયો છે. તેમાં નાના દીવાથી પ્રકાશ ફેલાવીને થોડી રાહત આપી શકાય. તેમજ વિદ્યાર્થીઓમાં માનવતા, કરૂણા, દયા અને પ્રેમ તેમજ અન્ય લોકોને મદદની ભાવનાનો વિકાસ કરી શકાય. જેથી તેઓ જીવનમાં વ્યક્તિ નહિ પરંતુ માનવી બની શકે.

આ કાર્યને સફળ બનાવવા શાળાના શૈક્ષણિક સ્ટાફ અને બિન શૈક્ષણિક સ્ટાફ પોતાનો સહયોગ પૂરો પાડ્યો હતો.

# માઁ વિશ્વંભરી તીર્થયાત્રા ધામ દ્વારા વિદ્યાર્થીઓને યુનિફોર્મ તથા નોટબુકનું નિઃશુલ્ક વિતરણઃ શિક્ષણની જ્યોતને પ્રજ્વલિત કરવાનો ઉમદા પ્રયાસ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૪**

રાષ્ટ્ર નિર્માણના પાયા સમાન શિક્ષણ વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા અને ગરીબ-પછાત વર્ગના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના ઉમદા હેતુથી, મંગળવાર, તા.૦૪-૦૮-૨૦૨૬ના રોજ રાબડા ગામ ખાતે એક પ્રેરણાદાયી સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સુપ્રસિદ્ધ 'માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામ'ના સંસ્થાપક શ્રી મહાપાત્રજીની પાવન પ્રેરણાથી, 'માં વિશ્વંભરી ધામ ચેરીટેબલ ટ્રસ્ટ' અને 'માં આદર્શ ગામ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા રાબડા ગામની સાર્વજનિક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે યુનિફોર્મ, નોટબુકો તેમજ ભોજન માટે થાળી-વાટકાના સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે તીર્થધામના સ્થાપક શ્રી મહાપાત્રજી સ્વયં ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ પાઠવ્યા હતા.

સમાજ સુધારણા અને લોક કલ્યાણને વરેલી આ સંસ્થાઓ દ્વારા પ્રતિવર્ષ ગામની પ્રાથમિક અને માધ્યમિક શાળાના સેંકડો વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી પૂરી પાડીને શિક્ષણનો માર્ગ સરળ બનાવવામાં આવે છે. આ સેવાયજ્ઞનું વિશેષ મહત્વ તો એ છે કે, કપરાડા અને ધરમપુર જેવા આર્થિક રીતે પછાત અને અંતરિયાળ વિસ્તારોમાંથી અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને આ આર્થિક બોજમાંથી રાહત મળતા તેઓના ચહેરા પર અનેરો આનંદ અને સંતોષની લાગણી છવાઈ ગઈ હતી.

આ પ્રેરણાદાયી કાર્યક્રમને સફળ બનાવવા બંને સંસ્થાઓના ટ્રસ્ટીઓ શ્રી કિશોરભાઈ ભલાણી, શ્રી ચેતનભાઈ પટેલ, શ્રી કિરીટભાઈ ડેડાણીયા અને શ્રી રમેશભાઈ ડોબરિયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત, સાર્વજનિક માધ્યમિક શાળાના આચાર્યશ્રી મિતેશભાઈ પટેલ તથા રાબડા ગામના અગ્રણીઓ સર્વશ્રી ભદ્રેશભાઈ પટેલ, શ્રી શૈલેષભાઈ પટેલ અને શ્રી સુમનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને બંને સંસ્થાઓની આ ઉમદા કામગીરીને હૃદયપૂર્વક બિરદાવી હતી.

# સલવાવની બીએનબી સ્વામિનારાયણ ફાર્મસી કોલેજે જીટીયુમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૪**

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા સમર-૨૦૨૬માં લેવાયેલી દ્વિતીય વર્ષ બી.ફાર્મસીના ચોથા સેમેસ્ટરની પરીક્ષાનું ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા તારીખઃ ૦૧/૦૮/૨૦૨૬ શનિવારના રોજ જાહેર કરેલ પરિણામમાં શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી તેમજ જી.ટી.યુ. ટોપ ટેનમાં રહેવાની પરંપરા આ વર્ષે પણ વિદ્યાર્થીઓએ યથાવત રાખી છે. આ જાહેર થયેલા પરિણામમાં ૬ વિદ્યાર્થીનીઓ જી.ટી.યુ. ટોપ ટેનમાં રહ્યા અને ૪૭ વિદ્યાર્થીઓએ ૮.૦૦થી વધુ એસ.પી.આઈ.મેળવી કોલેજ અને સંસ્થા માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી ટોપ ટેનના સી.પી.આઈ. અને એસ.પી.આઈ વાઈઝ પરિણામ જોતા ઉત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓમાં દિવાકર માહી ફુલચંદ ૯.૬૯ એસ.પી.આઈ. મેળવી ત્રીજા ક્રમે અને ૯.૭૨ સી.પી.આઈ. મેળવી સમગ્ર ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું નામ રોશન કર્યું. તેમજ ટેલર આયુષી મનિષકુમાર ૯.૬૨ એસ.પી.આઈ. મેળવી પાંચમા ક્રમે, માચા અંકિતા પુરષોત્તમ ૯.૫૪ એસ.પી.આઈ. મેળવી આઠમો ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. તદ્દુપરાંત સી.પી.આઈ. વાઈઝ પરિણામ જોતા ટીશા દિપક આહિર ૯.૬૯ સી.પી.આઈ. સાથે બીજા ક્રમે, ખડટકર ચાંદની દિવાકર ૯.૫૨ સી.પી.આઈ. મેળવી આઠમાં ક્રમે અને મિસ્ત્રી મહેક હિમાંશુ ૯.૫૨ સી.પી.આઈ. મેળવી આઠમો ક્રમ પ્રાપ્ત કરી શ્રેષ્ઠ પ્રદર્શનથી કોલેજની સિદ્ધિમાં નોંધપાત્ર વધારો કરીને સંસ્થા, કોલેજ, તેમના માતા-પિતા તેમજ સમગ્ર વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે.

વિદ્યાર્થીઓની આ ભવ્ય અને ઐતિહાસિક સિદ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજી, પૂજ્ય રામ સ્વામીજી, પૂજ્ય હરિ સ્વામીજી, ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોડવડીયા, ટ્રસ્ટીગણ, કેમ્પસ એકેડેમિક ડીરેક્ટર પ્રોફેસર ડૉ.શૈલેષ વી. લુહાર, કેમ્પસ એડમીન ડીરેક્ટર શ્રી. હિતેન બી. ઉપાધ્યાય, ફાર્મસી કોલેજના આચાર્યશ્રી ડૉ.સચિન બી. નારખેડે, તેમજ સ્ટાફે વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને શુભેચ્છા પાઠવી અને ભવિષ્યમાં આવા શ્રેષ્ઠ પરિણામો યથાવત રહે તેવા આર્શીવચનો આપ્યા હતા.

# જાયન્ટ ગ્રુપ ઓફ વાપી દ્વારા પંડોર ગામમાં પૂરગ્રસ્ત પરિવારોને રાહત કીટનું વિતરણ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૪**

તાજેતરમાં વાપી તથા આસપાસના વિસ્તારોમાં આવેલ ભારે વરસાદ અને પૂરના કારણે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી દ્વારા પંડોર ગામ, વાપી ખાતે પૂરગ્રસ્ત અને જરૂરિયાતમંદ પરિવારોને રાહત કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીના તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને નિઃસ્વાર્થ સેવાભાવ સાથે જરૂરિયાતમંદ પરિવારો સુધી રાહત સામગ્રી પહોંચાડી. કાર્યક્રમમાં એસ.સી.એમ. જી.ટી. બાલા શેટ્ટી, પૂર્વ પ્રમુખ જી.ટી. ચારુશીલાબેન ભટ્ટ, પૂર્વ પ્રમુખ જી.ટી. હિરેન ગોર તેમજ જાયન્ટ્સ ટીમના સભ્યો અને દાતાઓએ હાજરી આપી હતી. આ સેવાયજ્ઞને સફળ બનાવ્યો હતો.

જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીના પ્રમુખ જી.ટી. રિતેશ રાવલે જણાવ્યું કે, ''આપત્તિના સમયમાં સમાજના દરેક વ્યક્તિ સુધી મદદ પહોંચાડવી એ આપણી સૌની સામૂહિક જવાબદારી છે. જરૂરિયાતમંદોના ચહેરા પર સ્મિત લાવવાનો આ નાનકડો પ્રયાસ છે.'' ડી.એ. જી.ટી. ખ્યાતિ રાવલે જણાવ્યું કે, ''માનવ સેવા એ જ સાચી સેવા છે. સૌના સહયોગ અને દાતાઓના ઉદાર યોગદાનથી આજે અનેક પરિવારોને રાહત મળી છે.'' જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી સમાજસેવાના આવા કાર્યોમાં સતત અગ્રેસર રહી જરૂરિયાતમંદ લોકોની મદદ માટે હંમેશા પ્રતિબદ્ધ રહેશે.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો.**
**સંજય તાડા : 99244 66899**

ગુજરાત પોલીસ વડા-DGPનો મોટો આદેશ

# પાસપોર્ટ વેરિફિકેશન માટે હવે પોલીસ સ્ટેશનના ધક્કા બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૦૪**

ગુજરાત પોલીસે પાસપોર્ટ વેરિફિકેશન પ્રક્રિયા સરળ બનાવી છે. હવે અરજદારોને પોલીસ સ્ટેશનના ધક્કા નહીં ખાવા પડે. પોલીસ માત્ર નાગરિકતા અને ગુનાહિત ઈતિહાસ જ તપાસશે, સરનામાની ચકાસણી નહીં કરે. શંકાસ્પદ કેસમાં જ પોલીસ અરજદારના ઘરે જશે, પરંતુ સ્ટેશન બોલાવી શકશે નહીં. DGP જ્ઞાનેન્દ્રસિંહ મલિકે કડક પાલનનો આદેશ આપ્યો છે, જેથી નાગરિકોને પારદર્શક સેવા મળે.

નાગરિકો માટે પાસપોર્ટ વેરિફિકેશનની પ્રક્રિયા વધુ પારદર્શક, સરળ અને સુગમ બનાવવા માટે રાજ્ય પોલીસ વિભાગ દ્વારા મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. હવે પાસપોર્ટ વેરિફિકેશન માટે અરજદારે બિનજરૂરી રીતે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં.

પાસપોર્ટ વેરિફિકેશનની વહીવટી પ્રક્રિયામાં કેટલાક મોટા સુધારા કરવામાં આવ્યા છે, જેમાં પોલીસ વેરિફિકેશન દરમિયાન હવે માત્ર અરજદારની નાગરિકતા (Citizenship) અને તેનો કોઈ ગુનાઈત પૂર્વ ઈતિહાસ છે કે નહીં, તે બાબતની જ ચકાસણી કરવાની રહેશે. પોલીસે પાસપોર્ટ અરજદારોના રહેઠાણના સરનામાની અલગથી ચકાસણી કરવાની કોઈ જરૂરિયાત રહેશે નહીં. આ પ્રક્રિયા દરમિયાન અરજદારને રૂબરૂ મળવાની કે તેની સહી લેવાની પણ આવશ્યકતા નથી.

જે કિસ્સામાં પોલીસને કોઈ શંકાસ્પદ બાબત જણાય અથવા વધુ ખરાઈ કરવાની જરૂરિયાત લાગે, તેવા અપવાદરૂપ સંજોગોમાં જ પોલીસ કર્મચારીએ અરજદારના રહેઠાણ સ્થળની મુલાકાત લેવાની રહેશે. જો કે, આવા કિસ્સામાં પણ અરજદારને પોલીસ સ્ટેશન રૂબરૂ બોલાવી શકાશે નહીં. જ્યના પોલીસ મહાનિર્દેશક (DGP) જ્ઞાનેન્દ્રસિંહ મલિકે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનો અને અધિકારીઓને આ નવા દિશા-નિર્દેશોનું કડકપણે પાલન કરવા આદેશ આપ્યો છે. સાથોસાથ, તેમણે રાજ્યના તમામ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ આ સુધારેલી સરળ પ્રક્રિયાથી માહિતગાર થાય અને કોઈ પણ બિનજરૂરી પ્રક્રિયા કે ગેરસમજમાં ન પડે.

# પારડીના કીકરલા ગામેથી અજાણ્યા આધેડની લાશ મળી આવી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૪**

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના કીકરલા ગામમાં બ્રહ્મદેવ મંદિર તરફ જતા રોડની બાજુમાં આવેલી વાડમાંથી ભારે વરસાદ દરમિયાન પાણીના પ્રવાહમાં તણાઈ આવેલા અજાણ્યા ૫૦ થી ૫૫ વર્ષીય આધેડની લાશ તા.૨૪ જુલાઈ ૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યા પહેલા મળી આવી હતી. જેની જાણ પારડી પોલીસને કરતા પોલીસે મૃતકના વાલી વારસોની શોધખોળ આદરી હતી પરંતુ કોઈ ભાળ મળી ન હતી. વાલી વારસો મળે આવે તે માટે લાશને વલસાડ નગરપાલિકાની હોસ્પિટલના કોલ્ડ રૂમમાં મુકી હતી. જે કોઈને પણ આ અજાણ્યા મૃતકના વાલી વારસોની ભાળ મળે તો પારડી પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

**CHANGE OF NAME**

As per the employee's representation, his correct name is "Magan Bhikha Makwana", which is consistently recorded in his Birth Certificate, Aadhaar Card, PAN Card, Salary Slips, Form No. 16, Bank Records and other relevant official documents. However, in some old departmental records, his name has been recorded as "Makhwana M. Bhika", "Makwana Magan Bhikha", "Makwana M. Bhikka" and "M.B. Makwana", all of which refer to the same individual.

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM PAWAR RAJANIGANDHA SUKDEO TO NEW NAME RAJANI VIJAY SONAWANE
**ADD.:-** B-2, PRAMUKH VATIKA, NEAR KILVANI NAKA, BAVIS FALIA ROAD, SILVASSA SILVASSA-396230, UT OF DNH&DD

**TORRENT POWER | DNHDD**

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૭/૦૮/૨૦૨૬ શુક્રવાર | દાદરા | ૬૬/૧૧ કેવી ૨૦ MVA પાવર ટ્રાન્સફોર્મર નં.૪ | ડેમની ગામ, ડેમની રોહિત ફળિયા, ડેમની સ્કૂલ ફળિયા, સિદ્ધા આઈ.ઈ, નેશનલ ફાઈબર, ઓઆઈડીસી, ડબ્લ્યુટીપી, બરોડા પેકેજિંગ ગલી, સીએમસી, દેવાશિષ પોલિમર રોડ, વિમલ ઈન્ડ, હેમ ઈન્ડ, રેડકોમ ગલી, મારુતિ પોલીફિલ્મ ગલી, કલાપી આઈ.ઈ, રાજીવ પ્લાસ્ટિક ગલી, પ્રિન્સ બફીંગ ઈન્ડ., ભગવતી તીર્થ ઈન્ડ. ખાંડેવલ રોડ, સિદ્ધિવિનાયક ઈન્ડ ગલી, સ્ટાર મેટલ ઈન્ડ, રિદ્ધિ સિદ્ધિ ઈન્ડ રોડ, પંચાયત રોડ, ગ્લાસવુડ રિયાલિટી રોડ. |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન**
પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

**ટેન્ડર સૂચના**

દમણના નમોપથ સીફ્રન્ટ પર પ્રીમિયમ હોટેલ/રિસોર્ટના વિકાસ, સંચાલન અને જાળવણી માટે સરકારી જમીનના આઉટસોર્સિંગ આપવા માટે આરએફપી (6th Call)

ટેન્ડર ID: 2026_DAMAN_4912_1
ટેન્ડર નં.: 3/140/DT/DNH&DD/Hotel/Namopath/2025-26/313

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 21/08/2026
બિડ ખોલવાની તારીખ : 24/08/2026

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - 396215

No. IP/DMN/2/5/2026-27/388, Dated: 03/08/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન**
**સમાજ કલ્યાણ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ**
**જીલ્લા ન્યાયાલય પરિસર, ફોર્ટ એરિયા**
**મોટી દમણ – ૩૯૬ ૨૨૦**

**શિષ્ય વૃત્તિ**

વર્ષ ૨૦૨૬-૨૭ માટે નેશનલ સ્કોલરશિપ પોર્ટલ (NSP) http://scholarships.gov.in મારફતે વિવિધ મંત્રાલયો ની વિવિધ કેન્દ્રીય ક્ષેત્ર અને કેન્દ્ર પુરસ્કૃત શિષ્ય વૃત્તિ યોજના ઓ (નવી અને રિન્યુઅલ શિષ્ય વૃત્તિ માટે) હેઠળ પાત્ર વિદ્યાર્થીઓ પાસે થી અરજીઓ મંગાવવામાં આવે છે

No. SW/Scholarship/NSP/2026-27/301
Date: 30/07/2026

No. IP/DMN/2/5/2026-27/394, Dated: 04/08/2026

**સંઘ પ્રદેશ દા. ન. હ. તથા દ. દી. પ્રશાસન, શિક્ષણ નિયામકની કચેરી, દમણ - 396220**

જાહેરાત સંખ્યા ક્રમાંક DOE/ DNHDD /SS /REC.TGTs_PGTs_Non-Teaching/2025/2818 તારીખ 03.08.2026 ના સંદર્ભમા TGT અને PGT શિક્ષકો ની હંગામી ધોરણે ભરતી માટે વોક ઇન ઈન્ટરવ્યું માટે અરજીઓ મંગાવવામાં આવી છે. તા. ૧૦/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૩૦ એ શિક્ષા સદન, મોટી દમણ ખાતે વોક ઇન ઈન્ટરવ્યું નું આયોજન કરવામાં આવ્યું છે.

No. IP/DMN/2/5/2026-27/395, Dated: 04/08/2026

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

કૃતિભક્તિ અને દૈવીસંબંધનો ઐતિહાસિક સંગમઃ ક્વાંટમાં પૂજનીય દીદીજીના સાંનિધ્યમાં અઢી લાખ આદિવાસીઓની ભાવવંદના અને 'અંગીરા વૃક્ષમંદિર'ની પ્રાણપ્રતિષ્ઠા

# વૃક્ષમંદિર એ માત્ર વૃક્ષારોપણ નહીં, ઐક્ય અને રાષ્ટ્ર-નિર્માણનો પ્રયોગ છે: પૂ. દીદીજી

**પૂજનીય તાઈજીના શતાબ્દી વર્ષે આદિજાતિ પુંજમાં દિવ્ય ઉત્સવઃ ૨૦૦૦ દંપતી પૂજારીઓએ વૈદિક મંત્રોચ્ચાર સાથે કરી 'અંગીરા વૃક્ષમંદિર'માં બાલતરુઓની પ્રાણપ્રતિષ્ઠા**

**છોટાઉદેપુરમાં વિશાળ જનમેદનીને સંબોધતા પૂજનીય દીદીજીના પ્રેરણાદાયક આશીર્વચનઃ 'સંબંધોમાં ભગવાનનું નેટવર્ક' ઉમેરાશે તો બધું જ 'કનેક્ટ' થઈ જશે**





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ક્વાંટ, તા.૦૪

પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (પરમ પૂજનીય દાદાજી) પ્રેરિત સ્વાધ્યાય પરિવાર દ્વારા, પૂજનીય તાઈજીના શતાબ્દી વર્ષ નિમિત્તે ૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ છોટાઉદેપુર જિલ્લામાં કૃતિભક્તિ અને દૈવી સંબંધના બે ભવ્ય ઐતિહાસિક આયોજનો એક જ દિવસે સંપન્ન થયા. પ્રથમ ચરણમાં કૈડાવાંટ ગામે ૨૦ ગામના સ્વાધ્યાયીઓએ સેંકડો 'બાલતરુ'ઓની પ્રાણપ્રતિષ્ઠા કરી, અને ત્યારબાદ ક્વાંટ ખાતે ૨.૫ લાખથી વધુ આદિવાસી ભાઈ-બહેનોએ એકત્રિત થઈ પૂજનીય દીદીજીના (જયશ્રી તળવળકર) પાવન સાંનિધ્યમાં ભાવવંદના કરી હતી.

કાર્યક્રમના પ્રથમ ચરણમાં, કૈડાવાંટ ખાતે નિર્મિત વૃક્ષમંદિરમાં પૂજનીય દીદીજીનું આગમન થતાં જ, ૨૦ ગામના દંપતી પૂજારીઓએ પોતાના પારંપરિક 'ટીમલી' નૃત્ય દ્વારા અત્યંત ઉષ્માભેર સ્વાગત કર્યું. ત્યારબાદ ૨,૦૦૦ જેટલા પૂજારી દંપતીઓએ ફૂલ, અક્ષત અને કળશ સાથે વૈદિક મંત્રોચ્ચાર, 'ગણપતિ અથર્વશીર્ષ, 'નારાયણોપનિષદ' અને 'શ્રી સૂક્તમ'ના પારાયણ સાથે સેંકડો બાલતરુઓની પ્રાણપ્રતિષ્ઠા કરી ભગવાનને સ્થિર કર્યા. દીદીજીએ આ પાવન વેળાએ કહ્યું કે, 'તમે જે વૃક્ષમંદિરના મહાન પ્રયોગનો સંકલ્પ કર્યો હતો તેની પૂર્ણાહુતિ હું પૂજા અને પ્રાણપ્રતિષ્ઠાથી કરું છું.'

ત્યારબાદ એ જ દિવસે ક્વાંટ ખાતે તાપીથી દાહોદ વિસ્તારના ૨.૫ લાખથી પણ વધુ આદિજાતિ કૃતિશીલો એકત્રિત થયા હતા. પૂજનીય દીદીજીએ સૌનું અભિવાદન ઝીલી ભાવપૂર્ણ દૃષ્ટિથી સૌને વધાવ્યા હતા. પ્રાર્થના અને 'મારાં મનનો નાચે મોર દીદી આવે છે' જેવા ભાવગીતોથી આરંભાયેલા આ ઉત્સવમાં, ૨૦,૦૦૦ યુવાનો, દંપતીઓ અને બાળકોએ આદિવાસી બોલીના ગીત 'આવે રે મુંબઈથી દીદી ઝોપેં મોર બોલ્યો રે' પર સામૂહિક નૃત્ય કરી વાતાવરણને હર્ષોલ્લાસથી ભરી દીધું અને ઉમંગપૂર્વક 'ભાવવંદના' કરી.

આ વિશાળ જનમેદનીને સંબોધતા પૂજનીય દીદીજીએ અત્યંત આત્મીયતાથી આશીર્વચન પાઠવ્યાઃ 'તમે આપણાં વૈશ્વિક પરિવારના પરમ પૂજનીય દાદાજીના લાડકા અને ગમતા વિશેષ દિકરાઓમાં જેમણે વિશેષ પ્રેમ પ્રાપ્ત કરેલો છે તેવા દીકરાઓ છો! મારા માટે વિશેષ આનંદની વાત એ છે કે તાઈજીની વર્ષગાંઠ નિમિત્તે મારા ભાઈઓ અને બહેનોને મળું છું. હું આ બાબતમાં પરમ પૂજનીય દાદાજી કરતાં વધારે ભાગ્યશાળી છું.'

આદિવાસીઓને દૈવી સંબંધનું ગૌરવ આપતા તેમણે ઉમેર્યું, ''હું તમને Main Streamથી અલગ કરવા નથી માંગતી. તમે ક્યાં રહો છો? કેવી રીતે રહો છો? તેની મને ખબર નથી મને એટલી ખબર છે કે તમે પરમ પૂજનીય દાદાજીના છો અને તમે મારા ભાઈ બહેનો છો. મારા માટે કોઈપણ કૃતિશીલની ઓળખ મારા ભાઈ તરીકેની જ પૂરતી છે કે તે દાદાનું કામ કરે છે, દાદાનો દીકરો છે અને મારો ભાઈ છે.''

વૃક્ષમંદિર અને કૃષિ સંસ્કૃતિની મૂળ સંકલ્પના સ્પષ્ટ કરતા તેમણે કહ્યું, 'આ કોઈ વૃક્ષારોપણનો કાર્યક્રમ નથી આ અમારું વૃક્ષમંદિર છે. ભગવાન! અમે તમને અહીં વૃક્ષના સ્વરૂપમાં દેખીએ છીએ ખુલ્લા આકાશ નીચે જોઈશું... કૃષિ સંસ્કૃતિ એટલી ભગવાન ઉપરનો પ્રેમ અને ભગવાન ઉપર ૧૦૦%નો વિશ્વાસ. ભગવાન બે દાણાના ૨૦૦ દાણા કરીને આપે છે તે ખેડૂતનો વિશ્વાસ છે.' વધુમાં તેઓએ કહ્યું વીસ ઘરથી ગામમાં ઐક્ય આવે, વીસ ગામથી પ્રાંતમાં ઐક્ય આવે અને પ્રાંતોના ઐક્યથી રાષ્ટ્રનિર્માણ થાય છે. તેથી વૃક્ષ મંદિર એ ઐક્ય નિર્માણ કરવાનો પ્રયોગ છે.

માનવીય સંબંધોની વર્તમાન સ્થિતિ પર ટકોર કરતાં દીદીજીએ માર્મિક વાત કહીઃ 'આજે માણસ ફાયદો, મનોરંજન, ઉપયુક્તતા કે તાત્ત્વિક દૃષ્ટિથી સંબંધ બાંધવાનું પસંદ કરે છે પરંતુ ભક્તિની દૃષ્ટિથી સંબંધ બાંધીને બધામાં એક જ Divinity છે એ વિચારથી આપણે connect થઈ શકીએ છીએ! ''આજે માણસ માણસ વચ્ચે 'Network Connectivity' જ નથી રહી તેમાં ભગવાનનું 'Network' નાખશો તો બધું જ 'Connect' થઈ જશે!''

સ્વાધ્યાયના વિચારની તાકાત વિશે તેમણે જણાવ્યું, 'વિશ્વભરમાં જીવન પરિવર્તનની ક્રાંતિ કરવા માટે મૂઠ્ઠીભર લોકો જ પૂરતાં છે, જેમ ૫ લીટર દૂધનું દહીં કરવા માટે ૫ કિલો દહીં ન જોઈએ! એક વાટકી જ પૂરતી છે! ''ભગવાન મારુ જીવન ચલાવે છે તો મારે તેને શક્તિ સમય અને નિપુણતા આપવા જોઈએ, તે આપ્યા વગર જે ખાય છે તે ચોર છે''

વૃક્ષ મંદિરમાં પોતાની સામે શક્તિ અને નિપુણતા અર્પણ કરતાં જે ઉત્પન્ન થાય તેને 'મહાલક્ષ્મી' કહેવાય. તે Impersonal વેલ્થની સંકલ્પના જોવા માટે વિશ્વએ તમારી પાસે આવવું પડશે. Economicsમાં Impersonal Wealthનું Chapter ઉમેરાવું જોઈએ.

અંતે પૂજનીય દીદીજીએ વૃક્ષ મંદિરનું નામાભીધાન કર્યું: 'અંગીરા વૃક્ષમંદિર. અંગીરા ઋષિનો વૈદિક ઈતિહાસ સમજાવતા કહ્યું કે તેઓ પહેલા મન્વંતરના સપ્તર્ષિમાં અગ્ર સ્થાન ધરાવે છે, તે બ્રહ્માજીના માનસપુત્ર છે. તે દિવ્ય જ્ઞાનના શિક્ષક છે. તે Humanity અને Divinityના મધ્યસ્થ છે. અગ્નિ શબ્દ અંગીરા પરથી આવ્યો છે. તેમણે અગ્નિ પૂજા અને દેવપૂજા શીખવી. તેમના વિચારો લઈને વિશ્વમાં જનાર શિષ્યો 'અંગિરસ' તરીકે ઓળખાવા લાગ્યા. તેમનું નામ સાચવવાનું જ છે અને તેટલા માટે આપણે 'અંગીરા વૃક્ષમંદિર' નામ રાખીએ છીએ.

## ગુજરાત આતંકવાદ અને સંગઠીત ગુના નિયંત્રણ અધિનિયમ (ગુજસીટોક) હેઠળ વલસાડ પોલીસની ૬ વિરૂધ્ધ ઓર્ગેનાઈઝ ક્રાઈમ સિડીકેટ હેઠળ કાર્યવાહી



**નિલીયા ઘોડા અને કિરણ પટેલની ધરપકડઃ કોર્ટે બંનેના પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા**

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૪

વલસાડ જિલ્લાના પોલીસ ઈતિહાસમાં સંગઠીત ગુના નિયંત્રણ અધિનિયમ (ગુજસીટોક) બીજીવાર ૬ શરાબ માફિયાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. કુલ છ પૈકી નિલેશ ઘોડો અને કિરણ પટેલ નામના બે આરોપીની પોલીસે ધરપકડ કરી છે. કોર્ટે ૫ દિવસના રિમાન્ડ મંજુર કરતા બન્ને આરોપી રિમાન્ડ પર છે. અન્ય ચારને પકડવા પોલીસ ટીમ રવાના થઈ છે.

ગુજસીટોક સંગઠીત ગુના અધિનિયમ હેઠળ અગાઉ એકવાર વલસાડ પોલીસે કાર્યવાહી કરી હતી. આ પ્રકારની ફરી બીજીવાર ૬ શરાબ માફિયા વિરૂધ્ધ કાર્યવાહી થઈ છે. ૬ પૈકી નિલેશ ઘોડો અને કિરણ પટેલની ધરપકડ કરાઈ છે. અન્ય ચારને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. ફરાર ૪ આરોપીમાં ભાવેશ ઠાકોર પટેલ, ટીનો બાબુ પટેલ, રોહન ઉર્ફે સન્ની કિશોર પટેલ અને પિન્ટુ પટેલનો સમાવેશ થાય છે. શરાબની તસ્કરી કરીને આરોપીઓ સમાજને હાની પહોંચાડી છે તેમજ બેનામી મિલકતો પણ ખરીદી છે. તમામ આરોપીઓ વિરૂધ્ધ વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૨૦-૨૦ ઉપરાંત ગુનાઓ નોંધાયેલા છે. માથાભારે બનેલા આ આરોપીઓ સામે વલસાડ પોલીસે મજબુત કાર્યવાહી કરી છે.

## રાતા ખાડીમાં ન્હાવા પડેલ વાપી છીરીના યુવકની લાશ ત્રીજા દિવસે દમણ પટલારાથી મળી આવી




**મિત્રો સાથે દિપક પાંડે ન્હાવા ગયો હતો, એનડીઆરએફની ટીમે ચલાવ્યું હતું સતત રેસ્ક્યૂ ઓપરેશન**

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૪

વાપી નજીક આવેલ રાતા ખાડી અને કોલક નદીના સંગમ ઉપર રવિવારે છીરી વિસ્તારના મિત્રો ન્હાવા માટે ગયા હતા તે દરમિયાન એક યુવક ધસમસતા પાણીમાં તણાયો હતો. આજે ત્રીજા દિવસે તણાયેલા યુવકની દમણ પટલારા પાસેથી લાશ મળી આવી હતી.

છીરી વિસ્તારમાં રહેતો દિપક પાંડે નામનો યુવક મિત્રો સાથે રાતા ખાડીમાં રવિવારે ન્હાવા માટે ગયો હતો. ઘટના બાદ મનપા ફાયર બ્રિગેડની ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું પણ યુવકને શોધી શકાયો નહોતો. બાદમાં એનડીઆરએફની ટીમે મોરચો સંભાળી લીધો હતો. આઝે ત્રીજા દિવસે તણાઈ ગયેલ દિપક પાંડેની લાશ દમણ પટલારા ગામ પાસેથી મળી આવી હતી.

## વલસાડ સોનવાડા હાઈવે પર પદમાવતી ફર્નિચર શો રૂમ સામે મળસ્કે ચોરટા ત્રાટક્યાઃ કારનો કાચ તોડી ચાર્જર ચોરી ગયા



**ઘટના સીસીટીવી કેમેરામાં કેદઃ શો રૂમના કર્મચારી સુતા હતા ત્યારે મળસ્કે ૪:૩૦ વાગે ઘટેલી ઘટના**

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૪

વલસાડ સોનવાડા ગામે હાઈવે ઉપર આવેલ પદમાવતી ફર્નિચર શો રૂમ સામે આજે મંગળવાર મળસ્કે ચોરટા ત્રાટક્યા હતા. શો રૂમની સામે પાર્ક કરેલી કારનો કાચ તોડી ચોરટા કારમાંથી ચાર્જર ચોરી કરી ફરાર થઈ ગયા. ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી.

વલસાડ હાઈવે સોનવાડા ગામે આવેલ પદમાવતી ફર્નિચર શો રૂમ આગળ મળસ્કે ચોરીની ઘટના ઘટી હતી. સવારે ૪:૩૦ વાગ્યાના સુમારે શો રૂમના કર્મચારીઓ સુતા હતા તે તકનો લાભ લઈ ચોરટા ત્રાટક્યા હતા. શો રૂમ આગળ પાર્ક કરેલી કારને નિશાન બનાવી હતી. કાચ તોડીને કારમાં રહેલ ચાર્જર ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના શો રૂમ ખાતે લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી તેવુ જાણવા મળેલ છે. ઘટનાની જાણ થતા સ્થાનિકોમાં ચકચાર મચી ગઈ હતી. હાઈવે ઉપર સતત વધી રહેલી ચોરીની ઘટનાઓ થકી વેપારીઓમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી છે. સીસીટીવી ફૂટેજ આધારે પોલીસે ચોરટા પકડવાની તપાસ હાથ ધરી છે.

## વાપી ડુંગરા પોલીસ સ્ટેશનમાં 'તેરા તુજ કો અર્પણ' કાર્યક્રમ યોજાયો



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૪

**રૂા.૫.૨૫ લાખની કિંમતના ૨૭ ગુમ થયેલા મોબાઈલ મૂળ માલિકને પોલીસે અર્પણ કર્યા**

વલસાડ જિલ્લા પોલીસ દ્વારા વિવિધ પોલીસ સ્ટેશનમાં ગુમ થયેલ, ચોરાયેલ, ઘરેણાં, રોકડ તથા વાહનોને શોધી કાઢીને મૂળ માલિકોને અર્પણ કરવા માટે પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજવામાં આવે છે તે અંતર્ગત ડુંગરા પોલીસ સ્ટેશનમાં પણ તાજેતરમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો હતો.

ડુંગરા પોલીસ સ્ટેશનમાં યોજાયેલ 'તેરા તુજકો અર્પણ કાર્યક્રમ'માં પોલીસે રૂા.૫.૨૫ લાખના ૨૭ જેટલા ચોરાયેલા કે સ્નેચીંગ થયેલા મોબાઈલ શોધી કાઢ્યા હતા. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ મૂળ માલિકોને બોલાવીને કાર્યક્રમ દરમિયાન અર્પણ કર્યા હતા. કાર્યક્રમમાં પી.આઈ. શ્રી ગોહિલ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીના હસ્તે મોબાઈલો અર્પણ કરવામાં આવ્યા હતા. મોબાઈલ પરત મળતા મોબાઈલ માલિકોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

**પ્રથમ પરીક્ષા નજીક છે ત્યારે પેપર સ્ટાઈલના અભાવે પ્રશ્નપત્ર કાઢવા અંગે મુંઝવણ**

## ધો.૯ અને ૧૧માં કમ્પ્યૂટરનો નવો સિલેબસ લાગુ, પેપર સ્ટાઈલ જાહેર કરવામાં ઉદાસીનતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૦૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના આયોજનના અભાવ અને ઢીલી નીતિનો ભોગ ફરી એકવાર રાજ્યભરના વિદ્યાર્થીઓ અને શિક્ષકો બની રહ્યા છે. રાજ્યની શાળાઓમાં ૮ જૂન, ૨૦૨૬થી નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું છે. આ વર્ષથી ધો.૯ અને ૧૧માં કમ્પ્યૂટર અધ્યયન વિષયનો નવો અભ્યાસક્રમ લાગુ કરી દેવાયો છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, શૈક્ષણિક સત્રને બે માસ જેટલો સમય વીતી ગયા હોવા છતાં, બોર્ડ દ્વારા હજુ સુધી આ વિષયની પરીક્ષા પદ્ધતિ, પેપર સ્ટાઈલ કે ગુણભારની કોઈ જ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળની અધિકૃત વેબસાઈટ પર માર્ચ-૨૦૨૬થી જ ધો.૯ અને ૧૧ના કમ્પ્યૂટર અધ્યયન વિષયના નવા પાઠ્યપુસ્તકો ઓનલાઈન મૂકી દેવાયા હતા. બોર્ડના સત્તાધીશો પાસે પરીક્ષાનું માળખું, બ્લુપ્રિન્ટ અને પેપર સ્ટાઈલ તૈયાર કરવા માટે પૂરતો સમય હતો. આમ છતાં, શાળાઓમાં પ્રથમ સત્રનો અભ્યાસ પૂરજોશમાં ચાલી રહ્યો છે ત્યારે મૂલ્યાંકન પદ્ધતિ અંગે સંપૂર્ણ શૂન્યાવકાશ પ્રવર્તી રહ્યો છે.

કોઈ પણ નવા વિષય કે અભ્યાસક્રમની સાથે જ તેની પરીક્ષા પદ્ધતિ જાહેર કરવી અનિવાર્ય હોય છે, જે પાયાનો નિયમ અહીં ભૂલાઈ ગયો હોય તેવું સ્પષ્ટ દેખાય છે. શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ કોઈપણ નવા અભ્યાસક્રમનું

**સત્ર શરૂ થયાને બે માસ થયાં છતાં હજુ પેપર સ્ટાઈલ, બ્લુ પ્રિન્ટ કે ગુણભાર જાહેર કરાયા નથી**

પરીરૂપ એટલે કે બ્લુપ્રિન્ટ જાહેર કરી દેવામાં આવતું હોય છે, જેથી શાળાઓ પોતાની આંતરિક એકમ કસોટીઓ અને પ્રથમ સત્રાંત પરીક્ષાના પ્રશ્નપત્રો તે મુજબ કાઢી શકે. આગામી સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિનામાં શાળાઓમાં પ્રથમ પરીક્ષાઓ યોજાવાની છે. જો તાત્કાલિક ધોરણે પેપરસ્ટાઈલ આપવામાં નહીં આવે તો શાળાઓ પોતાની રીતે પ્રશ્નપત્રો કાઢવા માટે મજબૂર બનશે. પરિણામે રાજ્યભરમાં એકસમાન મૂલ્યાંકન પદ્ધતિનો અભાવ જોવા મળશે.

નવો સિલેબસ હોવાથી કયા પ્રકરણમાંથી કેટલા ગુણના પ્રશ્નો પૂછાશે, થીયરી અને પ્રેક્ટિકલનો ગુણભાર કેટલો રહેશે, તે જાણ્યા વગર તૈયારી કરાવવી અશક્ય છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત બોર્ડ દ્વારા અગાઉ વર્ષ ૨૦૧૩-૧૪ બાદ છેક ૨૦૨૬માં ટેક્નોલોજીના બદલાતા પ્રવાહોને ધ્યાનમાં રાખીને નવો અભ્યાસક્રમ લાગુ કરાયો છે. આગામી શૈક્ષણિક વર્ષમાં ધો.૧૦ અને ૧૨નો કમ્પ્યૂટર વિષયનો અભ્યાસક્રમ પણ બદલાવા જઈ રહ્યો છે. ત્યારે શિક્ષણ જગતની સ્પષ્ટ માગ છે કે, ગુજરાત બોર્ડ વહેલામાં વહેલી તકે પરીક્ષા પદ્ધતિ જાહેર કરે, જેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને યોગ્ય દિશા મળી શકે. ગુજરાત બોર્ડ દ્વારા લાંબા સમય બાદ કમ્પ્યૂટર વિષયનો નવો અભ્યાસક્રમ અમલમાં મૂકવો એ આવકારદાયક નિર્ણય છે, પરંતુ તેની સાથે મૂલ્યાંકન પદ્ધતિ પણ સમયસર જાહેર થવી એટલી જ જરૂરી છે. જ્યાં સુધી બોર્ડ એ સ્પષ્ટ નહીં કરે કે, થિયરી અને પ્રેક્ટિકલના માર્ક્સનું વિભાજન કેવી રીતે થશે, પ્રશ્નોનું સ્વરૂપ કેવું હશે, ત્યાં સુધી શિક્ષકો માટે માર્ગદર્શન આપવું અને વિદ્યાર્થીઓ માટે યોગ્ય તૈયારી કરવી અશક્ય છે.

## વાપી ચલાની વી-૨ સિગ્નેચર બિલ્ડીંગમાં જુતા ચોરનો આતંકઃ રાતે નવ માળની ઈમારતમાં ફરી ફરી જુતા ચોરી ગયો

**બેખોફ જુતા ચોર બે થેલા લઈને ઈમારતમાં પ્રવેશ્યો હતો, ચોરને સીસીટીવી કેમેરા કે કોઈ પકડશે તેવો કોઈ ડર જ ન હતો**

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)

**વાપી, તા.૦૪:** ચોરીના અનેક પ્રકાર હોય છે પરંતુ વાપી ચલામાં એક જુદા પ્રકારની ચોરીની ઘટના ઘટી છે. ચલામાં આવેલ વી-૨ સિગ્નેચર બિલ્ડીંગના નવ માળમાં રખાયેલા કિંમતી બ્રાન્ડેડ શુઝ અને ચપ્પલ ચોર ચોરી કરીને ફરાર થઈ ગયો હતો.

ચલા વી-૨ સિગ્નેચર બિલ્ડીંગમાં મધરાતે એક ચોર બે થેલા લઈને પ્રવેશ્યો હતો. ચોરને સીસીટીવી કેમેરા કે કોઈ જાગી જશે, પકડશે તેવો કોઈ ડર વગર બેખોફ ચોરી કરતો રહેલો. ઘરની બહાર રાખવામાં આવેલ બ્રાન્ડેડ જુતા-ચંપલ બે થેલામાં ભરીને ચોર બિલ્ડીંગની બહાર બિંદાશ નિકલી ગયો હતો. સવારે લોકો જાગ્યા ત્યારે જોવા મળ્યુ કે ઘર આગળના જુતા-ચંપલ ગાયબ થઈ ગયા હતા. સીસીટીવી કેમેરાની ચકાસણી કરવામાં આવતા ચોર થેલા લઈને પ્રવેશતો અને થેલામાં જુતા ભરીને બહાર નિકળવાના દૃશ્યો કેદ થયા હતા. સ્થાનિક રહેવાસીઓમાં ભારે દહેશતનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો. જુતા પણ સલામત નથી તેવો અહેસાસ અનુભવતા હતા. સવાલ બિલ્ડીંગ સિક્યોરિટી સિસ્ટમ ઉપર ઉભો થયો છે. જોવુ એ રહેશે કે પોલીસ જુતા ચોરને ક્યારે પકડે છે.

